

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 158
Dt.: 14-04-2026,
Tuesday
Page:04
Rs.00.50 paisa


### મુંબઈ પોલીસે આપ્યું ગાર્ડ ઓફ ઓનર

# સૂર સામ્રાજ્ઞી આશા ભોસલે પંચતત્વમાં વિલીન થયા

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

દિગ્ગજ ગાયિકા આશા ભોસલેના મુંબઈના શિવાજી પાર્કમાં રાજકીય સન્માન સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા. સવારે તેમના નશ્વર દેહને અંતિમ દર્શન માટે મુંબઈ સ્થિત નિવાસસ્થાન કાસા ગ્રાન્ડ ખાતે રાખવામાં આવ્યો હતો.

જ્યાં અનેક બૉલીવુડ અને રાજકીય હસ્તીઓએ તેમણે શ્રદ્ધાંજલિ અર્પિત કરી હતી. તેમને તિરંગામાં લપેટીને સલામી આપવામાં આવી હતી. તેમજ અંતિમ સંસ્કાર સમયે તેમણે મુંબઈ પોલીસ દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું.

ગાયિકા આશા ભોસલે તેમની અંતિમ સફર પર નીકળ્યા હતા, ફૂલોથી સજાવેલા મોક્ષ રથમાં તેમના પાર્થિવ દેહને સ્મશાન ઘાટની તરફ લઈ જવામાં આવ્યો હતો ત્યારે મોટી સંખ્યામાં તેમના ચાહકો અને બૉલીવુડ જગતના કલાકારો અંતિમ યાત્રામાં જોડાયા હતા.

તેમની અંતિમ યાત્રા માટે મોક્ષ રથ સજાવવામાં આવ્યો હતો. આશા તાઈને સફેદ અને પીળા રંગના ફૂલો પસંદ હતા, તેથી મોક્ષ રથને રજનીગંધા અને ગલગોટાના પીળા ફૂલોથી શણગારવામાં આવ્યો હતો. આશા ભોસલેએ તેમની ૮૨ વર્ષના સિંગિંગ કરિયરમાં ૯ ફિલ્મફેર સહિત ૧૦૦થી વધુ એવોર્ડ જીત્યા હતા. તેમને દેશના બીજા સૌથી મોટા નાગરિક સન્માન પદ્મ વિભૂષણથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

મહારાષ્ટ્ર કેબિનેટે આશા ભોસલેને શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે. તેમની અમર વિરાસતને સન્માન આપવા માટે કેબિનેટે તેમના નામે એક ચેરિટેબલ ટ્રસ્ટ અથવા સામાજિક સંસ્થા સ્થાપવાના પ્રસ્તાવને મંજૂરી આપવાનો નિર્ણય લીધો છે. મુખ્યમંત્રી ફડણવીસ અને નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ પણ આશા ભોસલેને શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

ઝનાઈ ભોસલેના માનીતા ભાઈ અને ક્રિકેટર મોહમ્મદ સિરાજ પણ આશા ભોસલેને શ્રદ્ધાંજલિ આપવા પહોંચ્યા હતા. ભાઈને જોઈને જનાઈ તેમને ભેટીને રડી પડી હતી. આ દરમિયાન સિરાજે ઝનાઈને સંભાળી હતી.

રવિવાર ૧૨ એપ્રિલના રોજ મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં સારવાર દરમિયાન ૯૨ વર્ષની વયે તેમનું નિધન થયું હતું. શનિવારે રાત્રે તેમને શ્વાસ લેવામાં તકલીફ બાદ તેમને ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડાયા હતા. ભારતીય સિનેમાના સૌથી સફળ અને લોકપ્રિય ગાયિકા આશા ભોસલેનું સંગીત જગતમાં કદ તેમની મોટી બહેન સ્વ. લતા મંગેશકર જેટલું જ ઊંચું હતું. વર્ષ ૧૯૩૩માં સંગીત પ્રેમી મંગેશકર પરિવારમાં જન્મેલા આશા તાઈએ માત્ર દસેક વર્ષની ઉંમરે ગાયકીની શરૂઆત કરી હતી. ૧૯૪૩માં પ્રથમ ગીત રેકોર્ડ કર્યા બાદ, ૫૦ના દાયકા સુધીમાં તેમણે બોલિવૂડમાં પોતાની અલગ ઓળખ બનાવી લીધી હતી. શરૂઆતમાં તેમને માત્ર કેબરે ગીતો માટે જ ઓળખવામાં આવતા હતા, પરંતુ ઉમરાવ જાનની ગઝલો ગાઈને તેમણે સાબિત કરી દીધું કે તેઓ દરેક પ્રકારના ગીતોમાં માહેર છે. તેમને ૭ ફિલ્મફેર એવોર્ડ અને દિલ ચીઝ ક્યા હૈ તેમજ મેરા કુછ સામાન ગીતો માટે બે નેશનલ એવોર્ડ મળ્યા હતા.



### ઈરાન યુદ્ધની અસર ! ભારતમાં મોંઘવારી વધી

## માર્ચ મહિનામાં રિટેલ ફુગાવો ૩.૪% પર પહોંચ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મધ્ય-પૂર્વમાં યુદ્ધ અને વિદેશથી સપ્લાય થતી ચીજવસ્તુઓ પર દબાણના વધવાથી કિંમતો પર અસર પડી છે, જેના કારણે ભારતમાં મોંઘવારી વધી હોવાનો રિપોર્ટ સામે આવ્યો છે. ડેટા મુજબ વાર્ષિક આધારે છૂટક મોંઘવારી દર ફેબ્રુઆરીમાં ૩.૨૧%થી વધીને માર્ચમાં ૩.૪% થયો છે. રાહતની વાત એ છે કે, કેટલાક શાકભાજી અને કઠોળ તેમજ ટૂંકા ગાળા માટે સોનાના ભાવમાં ઘટાડો થવાના કારણે મધ્ય વર્ગને મોંઘવારીમાં આંશિક રાહત મળી છે. દેશના નાગરિકો જે ચીજવસ્તુઓનો ઉપયોગ કરે છે, તેનો ભાવ કેટલો વધ્યો અને કેટલો ઘટ્યો છે, તે આધારે તૈયાર કરાયેલ ગ્રાહક ભાવ સૂચકાંક (CPI)ના ડેટા મુજબ, માર્ચમાં ગામડામાં ૩.૬૩ અને શહેરમાં ૩.૧૧ ટકા છૂટક મોંઘવારી દર નોંધાયો છે.

રૉયટર્સે ૪૫ અર્થશાસ્ત્રીઓ પાસેથી માહિતી મેળવીને અનુમાન લગાવ્યું હતું કે, માર્ચમાં મોંઘવારી દર સામાન્ય ૩.૪૮ ટકા વધી શકે છે. ઈંધણની કિંમતોમાં ઝડપી વધારો થવાથી અને યુદ્ધથી ઉભા થયેલા તણાવના કારણે મોંઘવારીમાં વધારો થયો છે, જોકે તે જ મહિનામાં સોનાની કિંમત લગભગ ૧૧ ટકા ઘટવાથી મોંઘવારીને આંશિક રીતે કાબુમાં રહી છે. બીજીતરફ વિશ્વમાં સંકટથી મોંઘવારી ચિંતાજનક સ્થિતિએ વધવાની આશંકા હતી, જોકે ભારતીય રિઝર્વ બેંક મોંઘવારી કાબુ રાખવામાં સફળ થયું છે. RBI છેલ્લા ૧૨ મહિનાથી ૪ ટકાની નીચે સુધી મોંઘવારી દર જાળવી રાખવામાં સફળ થયું છે. ખાવા-પીવાની ચીજવસ્તુઓના ભાવમાં થતા ફેરફારનું માપ કરતી 'કન્ઝ્યુમર ફૂડ પ્રાઈસ ઈન્ડેક્સ (CFPI)'ના ડેટા મુજબ ખાણી-પીણી પણ મોંઘા થયા છે અને તેનો ફેબ્રુઆરીમાં ૩.૪૮% થી વધીને માર્ચમાં ૩.૮૭% થયો છે. આ દર ગામડામાં ૩.૯૬ અને શહેરમાં ૩.૭૧ ટકા નોંધાયો છે. આનાથી એ કહી શકાય કે, જીવનજરૂરી ચીજોની કિંમતો પર દબાણ વધવાના કારણે ભાવમાં વધારો થયો છે. ઘર સંબંધીત (ભાડું અને મેઈન્ટેનન્સ) મોંઘવારી દર ૨.૧૧ ટકા પર કાબુમાં રહી છે. તેનો દર ગામડામાં ૨.૫૪ ટકા અને શહેરમાં ૧.૯૫ ટકા નોંધાયો છે. એટલે કે ઘર સંબંધીત મોંઘવારી સ્થિર રહી છે.

જુદા જુદી ચીજવસ્તુઓની કિંમતોની વાત કરીએ તો ક્યાં કિંમતો ઘટી છે, તે ક્યાં કિંમતો વધી છે, જેના કારણે મોંઘવારીમાં આંશિત રાહત મળી છે. ડુંગળી (૨૭.૭૬ ટકા), બટાકા (૧૮.૯૮ ટકા), લસણ (૧૦.૧૮)જેવી શાકભાજીની કિંમતોમાં મોટો ઘટાડો થયો છે, જેના કારણે ખાણી-પીણીની કુલ મોંઘવારી કાબુમાં રહી શકી છે. કઠોડમાં તુવેર દાળ અને વટાણ જેવી દાળની કિંમતોમાં પણ ઘટાડો થયો છે.

કેટલીક ખાસ કેટેગરીઓની કિંમતમાં જોરદાર ઉછાળો થયો છે. ચાંદીના ઘરેણાની કિંમતમાં ૧૪૮.૬૧ ટકાનો ધરખમ વધારો થયો છે. સોના અને હીરાના ઘરેણાની કિંમતો પણ ૪૫.૯૨ ટકા વધી છે. ખાણી-પીણી ચીજવસ્તુઓમાં સામેલ નારિયેળ, ટામેટા (૩૫.૯૯ ટકા) અને ફુલાવર (૩૪.૧૧ ટકા)ની કિંમતમાં ઘણો વધારો થયો છે.

આ ઉપરાંત પર્સનલ કેર, સામાજિક સુરક્ષા અને અન્ય ચીજવસ્તુઓ-સેવાઓમાં સૌથી વધુ ૧૮.૬૫ ટકા મોંઘી થઈ છે. જ્યારે ટ્રાન્સપોર્ટ સંબંધીત મોંઘવારી સ્થિર રહી છે. શિક્ષણ (૩.૩૦ ટકા), રેસ્ટોરન્ટ અને રહેવાની સુવિધા (૨.૮૮ ટકા)નો ખર્ચ વધવાથી પણ મોંઘવારી આંશિક વધી છે. રાજ્યો મુજબ વાત કરીએ તો સૌથી વધુ મોંઘવારી તેલંગણામાં ૫.૮૩ ટકા, આંધ્ર પ્રદેશમાં ૪.૦૫ ટકા અને કર્ણાટકમાં ૩.૯૬ ટકા નોંધાઈ છે. એકંદરે દેશમાં કેટલીક ચીજવસ્તુઓના ભાવમાં વધારો થયો છે, તો કેટલાકમાં ઘટાડો થયો છે, જેના કારણે વૈશ્વિક સંકટથી જે આશંકા ઉભી થઈ હતી, તે મુજબ મોંઘવારી કાબુ રહી છે. ભારતીય રિઝર્વ બેંક (RBI)ની નાણાકીય નીતિ સમિતિએ નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭માં છૂટક મોંઘવારી દર ૪.૬ ટકા રહેવાનો અંદાજ રાખ્યો છે.

## આ વર્ષે ૫૭ દિવસ ચાલશે પવિત્ર અમરનાથ યાત્રા

(સંપૂર્ણ સમાચાર સેવા)જમ્મુ

બરફાની બાબાના ભક્તો જે તારીખની રાહ જોઈ રહ્યા હતા તે તારીખ જાહેર થઈ ચૂકી છે. આ વર્ષની અમરનાથ યાત્રા ૩ જુલાઈ ૨૦૨૬ થી શરૂ થઈ રહી છે. અમરનાથ યાત્રાની તારીખ જાહેર થવાની સાથે જ રજીસ્ટ્રેશનની પ્રક્રિયા અને નિયમો પણ જણાવી દેવામાં આવ્યા છે. તો ચાલો તમને પણ જણાવી દઈએ અમરનાથ યાત્રા ૨૦૨૬ સંબંધિત તમામ વિગતો. અમરનાથ યાત્રા દર વર્ષે યોજાતી પવિત્ર યાત્રા છે. દર વર્ષે ભારતભરમાંથી અને વિદેશમાંથી હજારો તીર્થયાત્રીઓ અમરનાથ યાત્રા કરે છે. કશ્મીરના અનંતનાગમાં ૩૮૦૦ મીટરથી વધુની ઉંચાઈએ સ્થિત પવિત્ર ગુફામાં પ્રાકૃતિક રીતે બરફનું શિવલિંગ બને છે જેને શ્રદ્ધાળુઓ ભગવાન શિવનું પ્રતિક માને છે અને તેના દર્શન માટે અમરનાથ યાત્રા કરે છે. આ વર્ષની અમરનાથ યાત્રા ૩ જુલાઈ ૨૦૨૬ થી શરૂ થશે અને ૨૮ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ પૂરી થશે. આ વર્ષની અમરનાથ યાત્રા ૫૭ દિવસ ચાલશે.

### ફાલતૂ પોસ્ટથી હવે નહીં થાય કમાણી

## ઈલોન મસ્કે બદલી નાખ્યા મોનેટાઈઝેશનના નિયમો

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ Xએ પોતાના મોનેટાઈઝેશન સિસ્ટમમાં મોટો ફેરફાર કર્યો છે. હવે પ્લેટફોર્મ પર નીચી ગુણવત્તાવાળા અને ક્લિકબેટ કન્ટેન્ટથી કમાણી કરવી સહેલી નહીં રહે. ઈર્ન્નહ રેજા દ્વારા લેવાયેલો આ નિર્ણય કન્ટેન્ટની ગુણવત્તા સુધારવા માટે લેવામાં આવ્યો છે. નવા નિયમો મુજબ હવે ઓરિજિનલ અને વેલ્યુ આપતા કન્ટેન્ટને વધુ પ્રાથમિકતા મળશે. આથી ક્રિએટર્સને વધુ સારું કન્ટેન્ટ બનાવવા પ્રોત્સાહન મળશે અને પ્લેટફોર્મ પર સ્પેમ અને ફાલતૂ પોસ્ટમાં ઘટાડો થશે.



X લાંબા સમયથી એંગેજમેન્ટ ફાર્મિંગને લઈને ટીકા સહન કરી રહ્યું હતું, જ્યાં લોકો માત્ર વ્યૂઝ અને લાઈક્સ વધારવા માટે નીચી ગુણવત્તાવાળા અથવા વાયરલ વિડિયો પોસ્ટ કરતા હતા. હવે પ્લેટફોર્મે આવા કન્ટેન્ટને ડાઉનરેંક કરવાનો નિર્ણય લીધો છે. કંપનીના પ્રોડક્ટ હેડ નિકિતા બિયરે જણાવ્યું કે હવે સિસ્ટમને એવી રીતે ડિઝાઈન કરવામાં આવી રહી છે કે જેમાં અસલી અને ઓરિજિનલ કન્ટેન્ટ બનાવનારા યુઝર્સને યોગ્ય ઓળખ મળી શકે. એનો હેતુ એ છે કે મહેનત કરીને નવું કન્ટેન્ટ બનાવનાર લોકોને વધુ ફાયદો મળે, અને માત્ર બીજા લોકોનું કન્ટેન્ટ શેર કરીને તેને વાયરલ બનાવનારા લોકોને નહીં.

નવા અપડેટ હેઠળ X પોતાના રેવન્યુ શેરિંગ પ્રોગ્રામમાં ફેરફાર કરી રહ્યું છે. હવે પ્લેટફોર્મ તે ક્રિએટર્સને વધુ રિવોર્ડ આપશે, જે ઓરિજિનલ અને હાઈ-ક્વોલિટી કન્ટેન્ટ બનાવે છે. નિકિતા બિયર મુજબ, કંપની એવા ટૂલ્સ પર કામ કરી રહી છે જે કન્ટેન્ટના અસલી ક્રિએટર ઓળખી શકે અને તેમને સીધો રેવન્યુમાં ભાગ આપી શકે.

આનો અર્થ એ છે કે હવે માત્ર રીપોસ્ટ અથવા કમેન્ટરીથી કમાણી મર્યાદિત થઈ શકે છે. સાથે જ, અગાઉ રિપ્લાય પર મળતા વ્યૂઝને પણ ગણતરીમાં લેવામાં આવતા હતા, પરંતુ હવે તેને મોનેટાઈઝેશનમાંથી દૂર કરવામાં આવ્યા છે જેથી રિપ્લાય સ્પેમને રોકી શકાય.

પ્લેટફોર્મ પર કમાણી કરવા માટે હવે યુઝર્સને કેટલીક મહત્ત્વપૂર્ણ શરતો પૂર્ણ કરવી પડશે. X મુજબ, ક્રિએટરે પ્રીમિયમ અથવા પ્રીમિયમ પ્લસ સબસ્ક્રિપ્શન લેવું પડશે અને ઓછામાં ઓછા ૫૦૦ ફોલોઅર્સ હોવા જરૂરી છે. આ સાથે જ, છેલ્લા ત્રણ મહિનામાં ૫ મિલિયન ઓર્ગેનિક ઈમ્પ્રેશન્સ મેળવવા ફરજિયાત રહેશે. કંપનીના જણાવ્યા મુજબ, હોમ ટાઈમલાઈન પર મળતા ઓર્ગેનિક વ્યૂઝને વધુ મહત્ત્વ આપવામાં આવશે.

વેરિફાઈડ યુઝર્સ અને પ્રીમિયમ પ્લસ સબ્સ્કાઈબર્સના વ્યૂઝને વધુ મહત્ત્વ આપવામાં આવશે. જોકે, એક પ્રસ્તાવ જેમાં લોકલ રીજનના વ્યૂઝને વધુ મહત્ત્વ આપવાની વાત હતી, તેને હાલ માટે Elon Muskએ અટકાવી દીધો છે.

### SIR મુદ્દે સુપ્રીમ કોર્ટનો ચૂંટણી પંચને સવાલ

## જો જીતનું અંતર ૨% હોય અને ૧૫% લોકો વોટ ન આપી શકે તો શું?

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પશ્ચિમ બંગાળમાં સઘન પુનરીક્ષણ એટલે કે SIR પ્રક્રિયા મતદારોના નામ દૂર કરવા મામલે આજે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી. ન્યાયાધીશ જૉયમાલ્યા બાગચીએ મતદાન યાદીમાંથી મતદારોના નામ દૂર કવા મામલે ચિંતા વ્યક્ત કરી છે. કોર્ટે SIR મુદ્દે ચૂંટણી પંચને સવાલ કર્યો છે કે, જો જીતનું અંતર ૨% હોય અને ૧૫% લોકો વોટ ન આપી શકે તો શું? ન્યાયાધીશે યાદીમાંથી હટાવાયેલા વ્યક્તિઓની અપીલ પર વિચારણા કરવા મજબૂત અપીલ તંત્ર બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.



ન્યાયાધીશે તે મુદ્દા પર વિશેષ ધ્યાન આપ્યું છે, જેમાં ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળમાં અન્ય રાજ્યોથી અલગ 'તાર્કિક વિસંગતતા' નામની એક શ્રેણી રજૂ કરી છે. તેમણે એવું પણ કહ્યું કે, બિહારમાં જે રીતે SIR પ્રક્રિયા હાથ ધરાઈ હતી, તેવું વલણ અપનાવવા બદલે ચૂંટણી પંચ ભટકી ગયું છે. ચૂંટણી પંચે બિહાર મામલે કહ્યું હતું કે, ૨૦૦૨ની મતદાર યાદીમાં સામેલ વ્યક્તિઓએ દસ્તાવેજો અપલોડ કરવાની જરૂર નથી. લાઈવ લૉના અહેવાલ મુજબ, જસ્ટિસ બાગચીએ ચૂંટણી પંચને પ્રશ્ન કર્યો કે, 'જો ઉમેદવારની જીતનું અંતર ૧૦% હોય અને ૧૦% મતદારો મતદાન ન કરે તો કદાચ વાંધો ન આવે. પરંતુ જો જીતનું અંતર માત્ર ૨% હોય અને યાદીમાંથી નામ કપાવાને કારણે પાત્રતા ધરાવતા ૧૫% મતદારો વોટ ન આપી શકે, તો આ ગંભીર બાબત છે અને આપણે તેના પર નિશ્ચિતપણે વિચારવું જોઈએ.' તેમણે વધુમાં ઉમેર્યું કે કોર્ટ કોઈ વ્યક્તિગત અભિપ્રાય નથી આપી રહી, પરંતુ યોગ્ય કે ખોટી રીતે યાદીમાંથી બહાર રહી ગયેલા જાગૃત મતદારની ચિંતા મહત્વની છે. ન્યાયાધીશે કહ્યું કે, જ્યારે અત્યંત દબાણવાળી પરિસ્થિતિ હોય ત્યારે SIRની કામગીરી કરતા ન્યાયિક અધિકારીઓ પાસે ૧૦૦ ટકા સારી કામગીરીની આશા ન રાખી શકાય. જ્યારે અધિકારી ઓછી સમયમર્યાદાની અંદર, દૈનિક ૧૦૦૦થી વધુ દસ્તાવેજો ચકાસતા હોય તો ૭૦ ટકા ચોક્સાઈને પણ ઉત્કૃષ્ટ કામગરી માનવામાં આવશે, તેથી ન્યાયાધીશે મજબૂત અપીલીયન તંત્ર સ્થાપવાની જરૂરિયાત પર ભાર આપ્યો છે.

## ગેસ સિલિન્ડર બ્લાસ્ટ થતાં પતિ-પત્ની અને ૩ મહિનાના બાળકનું દર્દનાક મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)દરભંગા

બિહારના દરભંગા જિલ્લાના સુંદરપુર મહોલ્લામાં ઘરમાં ભીષણ આગ લાગવાની અને સિલિન્ડર બ્લાસ્ટ થતા ત્રણ લોકોના મોત થયા હોવાની કરુણ ઘટના બની છે.

રિપોર્ટ મુજબ સાંજે રસોડામાં ભોજન બનાવતી વખતે સિલિન્ડરમાં આગ લાગી હતી અને પછી ભયાનક વિસ્ફોટ થયો હતો, જેના કારણે આગ આખા ઘરમાં ફેલાઈ ગઈ હતી. આ ઘટનામાં પતિ-પત્ની અને ત્રણ મહિનાના બાળકનું દર્દનાક મોત થયું છે.

આ દુર્ઘટનામાં ગોવિંદ (પતિ), રિષિ કુમારી (પત્ની) અને તેમના માત્ર ત્રણ મહિનાના માસૂમ બાળકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

આ ઉપરાંત, અન્ય બે વ્યક્તિઓ ગંભીર રીતે દાઝી જતાં તેમને તાત્કાલિક સારવાર માટે નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની હાલત નાજુક હોવાનું કહેવાય છે.

ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડની અડધો ડઝન ગાડીઓ અને સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો.ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો.




# તંત્રી લેખ......

## એક જીવંત અવાજ ગુમાવવો

જ્વાળાઓની જેમ કૂદકો મારતા અને યુવાનોના હૃદયમાં ગુંજતા અવાજનો યુગ આજે સમાપ્ત થઈ ગયો છે. પંડિત દીનાનાથ મંગેશકરની બીજી પુત્રી પણ ભારતીય પ્લેબેક સિંગિંગના ભવ્ય લેન્ડસ્કેપમાંથી કાયમ માટે અદૃશ્ય થઈ ગઈ, જે લતા મંગેશકરના અવસાન પછી દક્ષિણ એશિયાઈ દેશોમાં છેલ્લી મહત્વપૂર્ણ અવાજ તરીકે જાણીતી હતી. "સદીઓથી આશા" વાક્ય દ્વારા યાદ કરાયેલી આશા ભોંસલે અચાનક જ મધુર સંગીતના ક્ષેત્રમાં પોતાના મનમોહક અને માદક અવાજ સાથે રૂપેરી પડદે દેખાઈ, જ્યારે તેમની મોટી બહેન લતા મંગેશકરનો અગાઉ તેમના દૈવી પવિત્ર અવાજ સાથે અનોખો ઈજારો હતો.

૧૯૩૩માં બ્રિટિશ વસાહતી યુગ દરમિયાન સાંગલી (મહારાષ્ટ્ર)માં જન્મેલી આશાજી મંગેશકરોમાં એક અલગ વ્યક્તિત્વ હતી, જાણે કે સાત સ્વરોમાં તેમની હાજરીનો ગહન અર્થ રહેલો હોય. આજે, ઈન્ટરનેટ મીડિયા, યુટ્યુબ અને સ્પોટાઈફના યુગમાં, જ્યારે યુવાનો ત્રણ મિનિટના લયબદ્ધ ગીતો પર નૃત્ય કરવા માટે તૈયાર હોય છે, ત્યારે આશાજીને એવી ફિલ્મોમાં સહાયક નાયિકા માટે એક વિશિષ્ટ સ્થાન બનાવવાનો શ્રેય આપવામાં આવે છે જેમાં સામાન્ય રીતે મહિલા મુખ્ય પાત્રો માટે ઉદાસી ગીતો દર્શાવવામાં આવતા હતા, અને આનાથી ક્લબ અને મેળાવડામાં નૃત્ય કરવાના ગીતો ગવાતા હતા જેથી તેઓ પગપેસારો કરી શકે. તેમની મોટી બહેનની જેમ, તેમની સફળતા પણ નોંધપાત્ર સંઘર્ષ પછી આવી, અને તેમને પોતાના દેશના સૌથી મજબૂત અને સૌથી લોકપ્રિય અવાજો સાથે પણ સ્પર્ધા કરવી પડી.

આ સંદર્ભમાં આજે આશા ભોંસલેની સફરને યાદ કરવી સુસંગત છે: તેમણે રાજકુમારી, સુરૈયા, જોહરાબાઈ અંબાલેવાલી, શમશાદ બેગમ, ગીતા દત્ત અને લતા મંગેશકર જેવા મહાન પ્લેબેક ગાયકોની હાજરીમાં પોતાની હાજરીનો અનુભવ કરાવ્યો, પરંતુ પ્લેબેક ગાયનનું એક અનોખું વ્યાકરણ પણ બનાવ્યું, જેમાં તેમણે ગાયેલું દરેક ગીત આજની ભાષામાં ચાર્ટબસ્ટર બન્યું. આશાજીનો રૂઢિપ્રયોગ 'આઈયે મહેરબાન' (હાવડા બ્રિજ), 'કાચ-કાચ કે ના દેખ કાચ-કાચ કે' (શ્રી ૪૨૦), 'શોખ નજર કી બિજલિયાં, (વો કૌન થી)' જેવા અસંખ્ય ગીતોમાંથી સમજી શકાય છે, જેમાં ન તો લતા મંગેશકર જેવી સરળતા છે કે ન તો શમશાદ બેગમની તીક્ષ્ણતા.

બધી સૂરો વચ્ચે લહેરાતો તેમનો અવાજ, છેલ્લી સદીના છઠ્ઠા દાયકામાં આધુનિકતા તરફ આકર્ષિત થઈ રહેલી યુવતીઓમાં ખૂબ જ લોકપ્રિય હતો. સંગીતકાર ઓંકાર પ્રસાદ નય્યરે ૧૯૫૪માં 'મંગુ' ગીતથી પોતાના જીવનમાં પ્રવેશ કર્યો હતો, જેના માટે તેમણે સૌપ્રથમ 'મન મોરે ગા ઝૂમ કે' ગાયું હતું, પરંતુ મોટા પાયે, તેમને 'નયા દૌર'ના સંગીત દ્વારા આગળ લાવવામાં આવ્યા હતા, જેના બધા ગીતો ૧૯૫૭ દરમિયાન દેશના હૃદયની ધડકન બન્યા હતા. દિલીપ કુમાર અને વૈજયંતીમાલા માટે રફી સાથે ગવાયેલ યુગલગીત "માંગ કે સાથ તુમ્હારા, મૈં માંગ લિયા સંસાર" એ આગામી બે દાયકા સુધી નય્યર સાથેની તેમની જોડીને એક દંતકથા તરીકે મજબૂત બનાવી દીધી. તેમની પાર્શ્વ ગાયકી કારકિર્દી દરમિયાન, આશા ભોંસલેએ ક્યારેય પ્રવર્તમાન ધોરણોને સ્વીકાર્યા નહીં.

તેમનો અવાજ આનંદ, ભટકવાની લાલસા, ઝંખના અને અપેક્ષાના અનેક ગાંડાઓથી વણાયેલો છે. એવું લાગે છે કે તેઓ સાબિત કરવા માટે ઉત્સુક હતા કે ભારતીય ફિલ્મ સંગીતમાં તેમની શૈલીનો બીજો ચહેરો શોધવો અશક્ય હશે, અને તેમણે કર્યું. ફક્ત આશાજી જ કિશોર કુમાર અને મોહમ્મદ રફી સાથે અસંખ્ય પ્રેમ ગીતો ગાઈ શક્યા, એવા ગીતો જેના પ્રેમમાં આજના યુવાનો પણ પડી શકે છે. એ ગીતોની યાદી લાંબી છે. તેમ છતાં, કેટલાક ગીતો યાદ રાખવા યોગ્ય છે: "મૈં સિતારોં કા તરાના" (ચલતી કા નામ ગાડી), "છોડ દો આંચલ જમાના ક્યા કહેગા" (પેઈંગ ગેસ્ટ), "દીવાના મસ્તાના હુઆ દિલ" (બોમ્બે કા બાબુ), "ગુનગુના રહે હૈં ભુવરે" (આરાધના) (આરાધના) ઔર કલ), "નીંદ ચુરા કે રાતો મેં" (શરીફ બદમાશ), "ઓ સાથી ચલ" (સીતા ઔર ગીતા).

ઓ.પી. નય્યર, આર.ડી. બર્મન અને ખય્યામ તેની સંગીત કારકિર્દીમાં ત્રણ મોટા સ્ટાર તરીકે ચમક્યા. જ્યારે પણ ભારતીય ફિલ્મ સંગીતનું પુનઃમૂલ્યાંકન કરવામાં આવશે, ત્યારે "આશા-નય્યર યુગ"ને એક મુખ્ય ચળવળ તરીકે જોવામાં આવશે, જેમાં દરેક ગીત, એક અનન્ય રચનાની જેમ, તેની સ્વતંત્ર શૈલી, ઉત્તમ અભિનય અને અનન્ય ગાયકી માટે યાદ કરવામાં આવશે. આની સમાંતર, આર.ડી. બર્મન સાથેની તેમની જોડી છે, અને તેમણે તેમના માટે સદાબહાર પ્રેમ ગીતોથી લઈને કેબરે ગીતો સુધી બધું જ ગાયું હતું.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - સોમવાર, ૧૩/૦૪/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૩૪૧૫ | ૪૪૪.૦૦ | ૬૬૦.૦૦ |
| ૨ | મગફળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૫૦૦.૦૦ |
| ૩ | એરંડા | ૧૦૯૭ | ૧,૨૫૦.૦૦ | ૧,૨૭૬.૦૦ |
| ૪ | રાયડો | ૨૫ | ૧,૦૮૦.૦૦ | ૧,૨૨૧.૦૦ |
| ૫ | બાજરી | ૦ | ૪૦૦.૦૦ | ૪૫૦.૦૦ |
| ૬ | મકાઇ | ૭૦૫ | ૩૦૯.૦૦ | ૩૮૬.૦૦ |
| ૭ | ચણા | ૧૫૦ | ૧,૦૧૫.૦૦ | ૧,૦૪૭.૦૦ |
| ૮ | ચણા (કાબુલી ) | ૨૧૦ | ૧,૩૫૦.૦૦ | ૧,૬૩૦.૦૦ |
| ૯ | તમાકુ | ૭૮૭૭ | ૧,૨૮૦.૦૦ | ૧,૯૦૫.૦૦ |
| ૧૦ | તમાકુ (ગારીયુ) | ૨૩૭૪ | ૯૦૦.૦૦ | ૧,૨૦૦.૦૦ |
| ૧૧ | સોયાબીન | ૬ | ૯૫૦.૦૦ | ૧,૦૭૧.૦૦ |

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: ક્રૂડ તેલના વાયદામાં રૂ.૫૮૯નો ઝડપી ઉછાળો: સોનાનો વાયદો રૂ.૧૧૮૬ અને ચાંદીનો વાયદો રૂ.૫૪૯૨ નરમ

**કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૦૩૬૯.૨૫ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૩૪૮૫૫.૧૩ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૨૦૪૬.૧૧ કરોડનાં કામકાજ**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૫૫૨૨૪.૩૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૦૩૬૯.૨૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૩૪૮૫૫.૧૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૩૦૯૬.૬૩ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૨૦૪૬.૧૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૧૫૪૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૨૧૪૪ અને નીચામાં રૂ.૧૫૧૨૫૫ના મથાળે અથડાઈ, રૂ.૧૫૨૬૫૨ના આગલા બંધ સામે રૂ.૧૧૮૬ ઘટી રૂ.૧૫૧૪૬૬ થયો હતો. ગોલ્ડ-ગિની એપ્રિલ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૭૯૬ ઘટી રૂ.૧૨૧૧૦૬ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ એપ્રિલ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૦૭ ઘટી રૂ.૧૫૧૭૨ના ભાવે બોલાયો હતો. સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૮૩ ઘટી રૂ.૧૫૦૦૩૨ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૦૫૪૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૧૦૯૯ અને નીચામાં રૂ.૧૫૦૦૫૮ના મથાળે અથડાઈ, રૂ.૧૫૧૫૪૦ના આગલા બંધ સામે રૂ.૧૧૧૩ ઘટી રૂ.૧૫૦૪૨૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.૨૩૮૩૬૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૩૯૬૦૦ અને નીચામાં રૂ.૨૩૭૧૯૦ના મથાળે અથડાઈ, રૂ.૨૪૩૨૭૪ના આગલા બંધ સામે રૂ.૫૪૯૨ ઘટી રૂ.૨૩૭૭૮૨ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૫૩૮૯ ઘટી રૂ.૨૩૯૭૧૧ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૫૨૯૪ ઘટી રૂ.૨૩૯૭૯૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૨૮૯૯.૦૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું એપ્રિલ વાયદો રૂ.૬.૪૫ વધી રૂ.૧૨૧૬.૬ના ભાવે બોલાયો હતો. જસત એપ્રિલ વાયદો રૂ.૨.૬ વધી રૂ.૩૩૩.૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ એપ્રિલ વાયદો રૂ.૭.૯૫ વધી રૂ.૩૬૫.૬૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું એપ્રિલ વાયદો ૯૫ પૈસા વધી રૂ.૧૯૪.૫૫ના ભાવે બોલાયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૫૩૨૯.૨૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી એપ્રિલ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૫૨૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૨૨૧ અને નીચામાં રૂ.૫૦૫૩ના મથાળે અથડાઈ, રૂ.૬૮ વધી રૂ.૫૧૪૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો બેરલદીઠ રૂ.૯૪૫૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૮૫૦ અને નીચામાં રૂ.૯૪૫૪ના મથાળે અથડાઈ, રૂ.૯૧૫૩ના આગલા બંધ સામે રૂ.૫૮૯ વધી રૂ.૯૭૪૨ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.૫૮૭ વધી રૂ.૯૭૩૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૬.૭ વધી રૂ.૨૫૫.૪ થયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો રૂ.૬.૭ વધી રૂ.૨૫૫.૪ થયો હતો.




કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૧૦૧૧.૫ના ભાવે ખૂલી, રૂ.૨.૬ ઘટી રૂ.૯૮૪ના સ્તરે પહોંચ્યો હતો. કોટન એપ્રિલ વાયદો રૂ.૨૦ ઘટી રૂ.૨૮૨૫૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૨૬૫૧ના ભાવે ખૂલી, રૂ.૨૯ વધી રૂ.૨૭૦૦ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૭૮૦૫.૭૬ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૪૨૪૦.૩૫ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૧૭૯૧.૦૮ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૭૬૩.૫૪ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૯.૯૪ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૩૧૧.૩૭ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૩૩.૨૯ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૯૮૬.૩૩ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૩૦૯.૬૬ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૪.૭૦ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૧.૦૬ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૫૧ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૮૮૮૮ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૪૩૦૧ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૭૦૪૩ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૭૮૮૮૪ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૫૭૪૫૪ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૭૨૬૮ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૧૨૧૩ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૮૩૬૩૨ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૫૦૪ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૭૪૮૮ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૪૫૬૨૧ લોટના સ્તરે રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૩૮ વધી રૂ.૩૩૬.૮ થયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૯ વધી રૂ.૧૨.૪૫ના ભાવે બોલાયો હતો.

સોનું એપ્રિલ રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૨૯ ઘટી રૂ.૧૦૫૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૧૧ ઘટી રૂ.૪૫૦ના ભાવે બોલાયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૪૧ વધી રૂ.૬.૩૨ના ભાવે બોલાયો હતો. જસત એપ્રિલ રૂ.૩૩૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૪૮ પૈસા ઘટી રૂ.૪.૦૫ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની એપ્રિલ રૂ.૯૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૭૫.૬ વધી રૂ.૪૨૭.૮૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩ વધી રૂ.૧૨.૯ થયો હતો. સોનું-મિની એપ્રિલ રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૩૩ ઘટી રૂ.૩૬૭૨.૫ થયો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૭૧.૫ ઘટી રૂ.૨૭૭.૫ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૪૭.૫ ઘટી રૂ.૧૪૧.૫ થયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩.૮૫ ઘટી રૂ.૭.૧ થયો હતો.

સોનું એપ્રિલ રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૯૦.૫ વધી રૂ.૯૬૭ થયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૬૪ વધી રૂ.૧૧૮૯.૫ થયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૯૮ પૈસા ઘટી રૂ.૧૬.૯૧ના ભાવે બોલાયો હતો. જસત એપ્રિલ રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૨૯ પૈસા વધી રૂ.૧.૨ના ભાવે બોલાયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની એપ્રિલ રૂ.૯૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૮૮.૮ ઘટી રૂ.૪૩૧.૨ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩.૭ ઘટી રૂ.૭.૪૫ થયો હતો. સોનું-મિની એપ્રિલ રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૫૨૯.૫ વધી રૂ.૩૫૮૯ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૨૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૮૫૪ વધી રૂ.૯૦૧૦ થયો હતો.

## બાઈક પર રીલ બનાવતી યુવતીનું મોત!: વેવ સિટી પાસે અકસ્માતમાં ગયો યુવતીનો જીવ, યુવકની હાલત ગંભીર

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાઝિયાબાદ

ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદમાં વીડિયો રીલ બનાવવાના ચક્કરમાં એક ભયાનક અકસ્માત સર્જાયો હતો.

શનિવારે રાત્રે વેવ સિટી વિસ્તારમાં આવેલા IMS કોલેજ ફ્લાયઓવર પાસે ફુલ સ્પીડમાં બાઈક ચલાવતી વખતે ૧૯ વર્ષીય યુવતીનું મોત થયું છે. જ્યારે તેની પાછળ બેઠેલો ૨૦ વર્ષીય યુવક ગંભીર રીતે ઘાયલ થયો છે. જેની હાલ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, ઈકરા અને હાશિમ બંને ગાઝિયાબાદના પાસૌંડા વિસ્તારના રહેવાસી હતા. ઈકરા સ્પોર્ટ્સ બાઈક ચલાવી રહી હતી, જ્યારે હાશિમ પાછળની સીટ પર બેસીને મોબાઈલથી વીડિયો રેકોર્ડ કરી રહ્યો હતો. બંનેમાંથી કોઈએ હેલ્મેટ પહેર્યું ન હતું. બાઈકની સ્પીડ વધારે હોવાથી બાઈકનું બેલેન્સ બગડ્યું અને તે રોડ ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાઈ.

અકસ્માત એટલો ભયાનક હતો કે બંને યુવક અને યુવતી ઘણા ફૂટ દૂર સુધી ફેંકાઈ ગયા હતા. જે બાદ રાહદારીઓએ પોલીસને જાણ કરતા પોલીસની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી અને બંનેને નજીકની ખનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા, જ્યાં ડોકટરોએ ઈકરાને મૃત જાહેર કરી હતી, જ્યારે હાશિમની હાલત હજુ પણ ગંભીર છે અને તેની સારવાર ચાલુ છે.

પરિવારજનોના જણાવ્યા અનુસાર, ઈકરા શનિવારે સવારે ૧૧ વાગ્યાની આસપાસ ઘરેથી નીકળી હતી અને કહ્યું હતું કે તે બજારમાં જઈ રહી છે. મોડી સાંજ સુધી તે પરત ન આવતાં પરિવારે તેની શોધ શરૂ કરી, પરંતુ કોઈ પત્તો ન લાગ્યો. આ જ વિસ્તારમાં રહેતો હાશિમ પણ પોતાની સ્પોર્ટ્સ બાઈક લઈને ઘરેથી ગુમ થઈ ગયો હતો. બંને પાડોશી હોવાથી પરિવારોમાં ચિંતાનું વાતાવરણ હતું, પરંતુ પોલીસમાં કોઈ ફરિયાદ નોંધાઈ ન હતી.

રવિવારે સવારે ૪ વાગ્યે પોલીસને NH-9 પર IMS કોલેજ ફ્લાયઓવર પાસે અકસ્માતની જાણ થઈ હતી.. એસીપી વેવ સિટી પ્રિયશ્રી પાલે જણાવ્યું કે, ઘટનાસ્થળે પહોંચતાં પોલીસને બંને યુવક-યુવતી ઈજાગ્રસ્ત હાલતમાં મળ્યા હતા. યુવતીને માથા અને ચહેરા પર ગંભીર ઈજાઓ હતી, જ્યારે યુવકને પગ, કમર અને ખભામાં ઈજાઓ થઈ હતી.

### નોઈડામાં પગાર વધારા મુદ્દે બબાલ

## ખાનગી કંપનીના કર્મીઓએ વાહનો ફૂંકી માર્યા, પોલીસ સાથે ઘર્ષણ

(સંપૂર્ણ સમાચાર સેવા)નોઈડા



ઉત્તર પ્રદેશના ઔદ્યોગિક કેન્દ્ર નોઈડામાં સોમવારે (૧૩ એપ્રિલ, ૨૦૨૬)ભારે હોબાળો મચી ગયો. ખાનગી કંપનીઓમાં કામ કરતા હજારો કર્મચારીઓ ભડક્યા હતા અને હિંસક વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. નોઈડામાં પગાર વધારાની માંગણીને લઈને કર્મચારીઓએ ઉગ્ર પ્રદર્શન કર્યું છે.

નોઈડાના ફેઝ ૨ માં, કર્મચારીઓએ માત્ર રસ્તાઓ પર જ વિરોધ નહીં પરંતુ આગચંપી, પથ્થરમારો અને તોડફોડ દ્વારા પોતાનો રોષ પણ વ્યક્ત કર્યો. પરિસ્થિતિ એટલી ગંભીર બની ગઈ કે પોલીસે ભીડને વિખેરવા માટે ટીયર ગેસના શેલ છોડવા પડ્યા. આશ્ચર્યજનક રીતે, રવિવારે રાત્રે વહીવટીતંત્ર અને સરકારે કર્મચારીઓની મોટાભાગની માંગણીઓ સ્વીકારી હોવા છતાં આજે સવારે અશાંતિ વધુ વધી ગઈ.

રવિવારે જિલ્લા મેજિસ્ટ્રેટ અને ઔદ્યોગિક પ્રતિનિધિઓ વચ્ચેની બેઠકમાં કામદારોના આર્થિક હિતોનું રક્ષણ કરવા માટે ઘણા સીમાચિહ્નરૂપ નિર્ણયો લેવામાં આવ્યા. વહીવટીતંત્રે સ્પષ્ટ કર્યું કે કામદારોને વધારાના કામ માટે તેમના નિયમિત દરથી બમણું ચૂકવવામાં આવશે અને આ રકમમાં કોઈપણ ઘટાડો ગુનો ગણવામાં આવશે. કર્મચારીઓ માટે દર મહિનાની ૧૦ મી તારીખ સુધીમાં તેમના પગાર એકસાથે મેળવવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. કામદારોને તેમના પગાર સાથે પગાર સ્લિપ આપવી ફરજિયાત બનાવવામાં આવી છે જેથી કામદારો તેમની કપાત સમજી શકે. તહેવારોની મોસમને ધ્યાનમાં રાખીને ૩૦ નવેમ્બર સુધીમાં તમામ પાત્ર કામદારોના બેંક ખાતામાં બોનસની રકમ જમા કરાવવાના નિર્દેશ આપવામાં આવ્યા છે. પ્રશાસન તરફથી ખાતરી આપવામાં આવી હોવા છતાં સોમવારે વિરોધનો વ્યાપ વધ્યો. નોઈડાના ફેઝ ૨ અને ઈકોટેક થર્ડ (ઉદ્યોગિક વિહાર) વિસ્તારોની આશરે ૫૦૦ કંપનીઓના કર્મચારીઓ પ્રદર્શનમાં જોડાયા. વિરોધ કરી રહેલા કામદારો કહે છે કે તેમની મુખ્ય માંગણીઓ પર અત્યાર સુધી કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી.

તેમની મુખ્ય માંગણીઓ છે:

લઘુત્તમ વેતનમાં વધારો - કામદારોની પ્રાથમિક માંગણી તેમના લઘુત્તમ વેતનને દર મહિને રૂ.૨૬,૦૦૦ સુધી વધારવાની છે.

કામના કલાકો નક્કી કરવા - કામના કલાકો નક્કી કરવા જોઈએ અને ૮ કલાકથી વધુ કામ કરવા માટે તેમના પર કોઈ વધારાનું દબાણ ન મૂકવું જોઈએ.

સાપ્તાહિક રજા - દરેક કર્મચારીને અઠવાડિયામાં એક દિવસ ફરજિયાત રજાની ખાતરી આપવી જોઈએ.

## નેતન્યાહૂની ચેતવણીથી વિશ્વમાં ફફડાટ: ઈરાન સાથેનું યુદ્ધવિરામ ગમે ત્યારે ખતમ થઈ શકે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)જેરૂસાલેમ

પશ્ચિમ એશિયામાં ફરી એકવાર મોટા યુદ્ધના વાદળો ઘેરાવા લાગ્યા છે. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે ઈરાન સાથે ચાલી રહેલો યુદ્ધવિરામ (સીઝફાયર) હવે ગમે ત્યારે પૂરો થઈ શકે છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા હોર્મુઝની ખાડી પર નૌકા નાકાબંધી લગાવવાના નિર્ણયને ઈઝરાયલે ખુલ્લું સમર્થન આપ્યું છે. બીજી બાજુ, પાકિસ્તાનના ઈસ્લામાબાદમાં અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલી વાતચીત નિષ્ફળ ગયા બાદ, ઈરાને પણ પોતાની શરતો સાથે રજા રાઉન્ડની વાટાઘાટો માટે તૈયારી દર્શાવી છે. આ તમામ હિલચાલ દર્શાવે છે કે આગામી દિવસોમાં સ્થિતિ વધુ તંગ બની શકે છે. નેતન્યાહૂએ કહ્યું કે ઈઝરાયલ અત્યારે પોતાની તાકાતના શિખર પર છે. તેમણે ઈરાનના પરમાણુ મથકો (નાતાન્ઝ, ફોર્ડો અને બુશેહર) નો ઉલ્લેખ કરતા કહ્યું કે જો અમે લશ્કરી કાર્યવાહી ન કરી હોત, તો આ સ્થળોને પણ ઓશવિટ્ઝ અને સોબીબોર (બીજા વિશ્વયુદ્ધ વખતના કુખ્યાત નાઝી અત્યાચાર કેમ્પો) ની જેમ જ યાદ રાખવામાં આવત. તેમણે સ્પષ્ટ કર્યું કે ઈરાને નિયમોનું ઉલ્લંઘન કર્યું છે, તેથી ટ્રમ્પની નાકાબંધીનો નિર્ણય એકદમ સાચો છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# રાજકોટમાં જનસેવા સંકલ્પ કાર્યક્રમમાં પણ નારાજગી નો પડઘો: ટીકીટ માં કપાયેલા મોટાભાગના નેતાઓ રહ્યા ગેરહાજર

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

રાજકોટમાં ટીકીટ ફાળવણીના મુદ્દે ભાજપમાં બહાર આવેલા આંતરીક અસંતોષનો પડઘો ગઈ કાલે રવિવારે ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માની હાજરીમાં યોજાયેલ જનસેવા સંકલ્પ કાર્યક્રમમાં પણ જોવા મળ્યો હતો.

આ કાર્યક્રમમાં પ્રદેશ પ્રમુખ ઉપરાંત શહેર ભાજપના પ્રભારી સહિતના નેતાઓ હાજર હોવા છતાં પૂર્વ મેયરને બાદ કરતા જે પૂર્વ કોર્પોરેટરોની ટીકીટ કપાઈ છે તે પૈકીના સ્ટેન્ડીંગ કમિટીના પૂર્વ ચેરમેન જયમીન ઠાકર સહિત ૪૫ થી વધુ



આગેવાનો ગેરહાજર રહ્યા હતા. આ ઉપરાંત નિરાશા અને નારાજગીના કારણે કાર્યકરોની સંખ્યા ખુબ પાંખી હોવાથી પાછળની ખુરશીઓ પણ ખાલી જોવા મળી હતી. ખાલી ખુરશીઓ જોઈને એક ધારાસભ્યએ શહેર ભાજપ પ્રમુખને ટોણો માર્યો હતો કે પ્રમુખ સાહેબ ખુરશીઓ ખાલી રહે નહી તે જોવાની જવાબદારી તમારી છે ધ્યાન રાખો,

આ કાર્યક્રમમાં પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા, પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી અને રાજકોટ શહેર સંગઠન પ્રભારી અને પ્રદેશ મહામંત્રી અનિરૂધ્ધ દવે પણ હાજર રહ્યા હતા. રાજકોટ શહેર પ્રમુખ ડો. માધવભાઈ દવે, મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા અને યોગેન્દ્રસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ રાજકોટના બહુમાળી ભવન નજીક આવેલ વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસે રાજકોટ મહાનગરપાલિકાનો વિજય વિશ્વાસ સંમેલન યોજવામાં આવ્યુ હતું. આ તકે લોકસભા સાંસદ પરશોત્તમભાઈ રૂપાલા, રાજકોટ શહેર પ્રમુખ ડો. માધવ દવે , ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, રમેશભાઈ ટીલાળા, ભાનુબેન બાબરીયા, પૂર્વ પ્રદેશ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરા, મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા સહિત પ્રદેશ આમંત્રિત કારોબારી સભ્યો, વિશેષ કારોબારી સભ્યો સહિત તમામ લોકો હાજર રહ્યા હતા.

# અમદાવાદ મંડળને મળી પ્રથમ અમૃત ભારત એક્સપ્રેસની ભેટ: અમદાવાદ થી પટણા વચ્ચે ટ્રેન સેવા સંચાલિત થશે

ભારતીય રેલ દ્વારા મુસાફરોને વધુ સારી, કિફાયતી અને સુવિધાજનક રેલ સેવા પ્રદાન કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ભરીને અમદાવાદ–પટણા વચ્ચે ચાલી રહેલી વિશેષ ટ્રેનને નિયમિત કરી ૨૧૯૦૫/૨૧૯૦૬ અમદાવાદ–પટણા અમૃત ભારત એક્સપ્રેસ તરીકે સંચાલિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.



આ ટ્રેન અમદાવાદથી ઉપડનારી પ્રથમ અમૃત ભારત એક્સપ્રેસ હશે, જે ગુજરાત અને બિહાર વચ્ચેના રેલ જોડાણને વધુ મજબૂત બનાવશે.

આ ટ્રેનનું નિયમિતીકરણ મુસાફરોની વધતી માંગને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું છે. આ નિર્ણય વિવિધ ઝોન વચ્ચે વધુ સારો સમન્વય સ્થાપિત કરીને લાંબા અંતરની મુસાફરીને વધુ સરળ, સુવ્યવસ્થિત અને વિશ્વસનીય બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ છે.

ટ્રેન નંબર ૨૧૯૦૫ અમદાવાદ–પટણા અમૃત ભારત એક્સપ્રેસ દર બુધવારે સાંજે ૧૮:૩૦ વાગ્યે અમદાવાદથી પ્રસ્થાન કરી શુક્રવારે ૦૦:૩૦ વાગ્યે પટણા પહોંચશે. તેવી જ રીતે ટ્રેન નંબર ૨૧૯૦૬ પટણા–અમદાવાદ અમૃત ભારત એક્સપ્રેસ દર શુક્રવારે ૨૨:૩૦ વાગ્યે પટણાથી પ્રસ્થાન કરી રવિવારે સવારે ૦૫:૨૫ વાગ્યે અમદાવાદ પહોંચશે. આ સેવા સાપ્તાહિક આધારે સંચાલિત કરવામાં આવશે, જેના કારણે મુસાફરોને નિયમિત અને વિશ્વસનીય રેલ સેવા ઉપલબ્ધ થશે.

આ ટ્રેન સેવા ટૂંક સમયમાં સુવિધાજનક તારીખ થી અમલમાં મુકવામાં આવશે તેમજ જરૂરિયાત મુજબ પ્રારંભિક તબક્કામાં વિશેષ સેવા તરીકે પણ સંચાલિત થઈ શકે છે. માર્ગમાં બંને દિશામાં આ ટ્રેન આણંદ, છાયાપુરી, ગોધરા, દાહોદ, રતલામ, ભવાની મંડી, રામગંજ મંડી, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, હિંડૌન સિટી, બયાના, ઈદગાહ આગ્રા, ટૂંડલા, ગોવિંદપુરી, સુબેદારગંજ અને દિન દયાલ ઉપાધ્યાય જંકશન જેવા મુખ્ય સ્ટેશનો પર રોકાશે જેના કારણે વ્યાપક ક્ષેત્રીય કનેક્ટિવિટી સુનિશ્ચિત થશે.

અમૃત ભારત એક્સપ્રેસ આધુનિક રેક અને ઉન્નત સુવિધાઓથી સજ્જ હશે, જે સામાન્ય મુસાફરો માટે કિફાયતી અને આરામદાયક મુસાફરીનો અનુભવ પ્રદાન કરશે. આ સેવા લાંબા અંતરની મુસાફરી માટે વધુ સારી કનેક્ટિવિટી, સુરક્ષિત અને સરળ મુસાફરી સુનિશ્ચિત કરવામાં સહાયક સાબિત થશે.

યાત્રીઓ માટે મુખ્ય લાભો:

- ગુજરાત–બિહાર વચ્ચે સીધી અને સુવિધાજનક કનેક્ટિવિટી
- ઓછા ખર્ચે લાંબા અંતરની મુસાફરીનો વધુ સારો વિકલ્પ
- સમયબદ્ધ અને નિયમિત સેવાથી મુસાફરીની વધુ સારી યોજના
- માર્ગના મુખ્ય શહેરોને જોડવાથી ક્ષેત્રીય વિકાસને પ્રોત્સાહન
- વેપાર, રોજગાર અને સામાજિક આવાગમનમાં વધારો

આ નવી સેવા ન માત્ર મુસાફરોની વધતી માંગને પૂર્ણ કરશે, પરંતુ પશ્ચિમ અને પૂર્વ ભારત વચ્ચે સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક સંબંધોને પણ વધુ મજબૂત બનાવશે, જે ભારતીય રેલની મુસાફર-કેન્દ્રિત અને પ્રગતિશીલ વિચારધારાનું પ્રતિબિંબ છે.

# આદર્શ આચારસંહિતામાં કરાયો મોટો ફેરફાર : હવે આચારસંહિતાનો ભંગ કરતા જ સીધી એફઆઈઆર : ચુંટણીપંચે કરી લાલ આંખ

પ્રતિનિધિ,ગાંધીનગર

સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ દરમિયાન રાજકીય પક્ષો અને ઉમેદવારો માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાતી આદર્શ આચારસંહિતા ને લઈને ચુંટણીપંચે લાલ આંખ કરી છે.

અત્યાર સુધી નિયમ ભંગના કિસ્સામાં માત્ર નોટીસ આપી જવાબ માંગવાની પ્રક્રિયા ચાલતી હતી. પરંતુ હવે ચુંટણીપંચે કડક વલણ અપનાવતા સીધી એફઆઈઆર નોંધવાનો ઐતિહાસિક નિર્ણય લીધો છે. આ કડક કદમનો હેતુ ચુંટણી પ્રક્રિયામાં પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવાનો છે. ભારતમાં દરેક ચુંટણી પહેલા લાગુ થતી આચારસંહિતા એ એક એવી માર્ગદર્શિકા છે, જે રાજકીય પક્ષો અને ઉમેદવારોને નૈતિક વર્તન માટે બાધ્ય કરે છે. તેનો મુખ્ય હેતુ સમાન તક પુરી પાડવાનો અને કોઈપણ પ્રકારની ગેરરીતી, પ્રભાવ કે ભ્રષ્ટાચારને રોકવાનો છે, આ આદર્શ આચારસંહિતા હેઠળ સરકારી તંત્રનો દુરુપયોગ, મતદારોને લલચાવવા , જાતિ અને ધર્મના આધારે પ્રચાર તેમજ ભ્રામક માહિતી ફેલાવવા પર પ્રતિબંધ હોય છે. અત્યાર સુધી આ નિયમોના ઉલ્લંઘન બદલ પંચ દ્વારા નોટીસ આપીને ચેતવણી અપાતી હતી. જે ઘણીવાર માત્ર ઔપચારીકતા બની રહેતી હતી.




ચુંટણી પંચની નવી માર્ગદર્શિકા મુજબ હવે આચારસંહિતાના ઉલ્લંઘન બદલ માત્ર કારણદર્શક નોટીસ આપવાની પ્રથાનો અંત આવ્યો છે. જો કોઈ પણ પક્ષ, ઉમેદવાર કે તેમના સમર્થકો નિયમોનુ ગંભીર ઉલ્લંઘન કરશે તો તેમની સામે વિલંબ કર્યા વગર સીધી જ ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે. આનાથી ચુંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થા વધુ સુદ્રઢ બનશે. પંચના અવલોકન મુજબ જુની પ્રણાલીમાં અનેક ક્ષતિઓ હતી જેમાં નોટીસના જવાબમાં ઘણો સમય વેડફાતો હતો, કાયદેસરની કાર્યવાહી શરૂ થતા સુધીમાં ઘણીવાર ચુંટણી પ્રક્રિયા પૂર્ણ થઈ જતી હતી. માત્ર ચેતવણી જેમાં મોટાભાગના કિસ્સાઓમાં મામલો માત્ર કાગળ પરની ચેતવણી સુધી જ સિમિત રહેતો હતો, જેનાથી ભંગ કરનારાઓમાં ડર રહ્યો ન હતો.

હવે નવા નિયમની ગંભીર સંભવિત અસરો દેખાશે, જેમાં આચારસંહિતાનો ભંગ કરનારને જેલમાં જવાની કે કાનુની લડાઈના ડર થી ઉમેદવારો વધુ શિસ્તબધ્ધ રહેશે, પોલીસ ફરીયાદ થતાની સાથે જ તપાસનો દોર શરૂ થશે જેથી કેસોમાં ઝડપી નિકાલ આવશે, તો બીજી તરફ લોકશાહીના પર્વ માં મતદારોનો પંચની નિષ્પક્ષતા પર વિશ્વાસ વધશે.

ચુંટણી પંચનો આ નિર્ણય સ્પષ્ટ સંદેશ આપે છે કે હવે ચાલે છે, ની નીતિ નહી ચાલે, ભારતીય લોકશાહીને વધુ મજબુત અને પારદર્શક બનાવવા માટે આ કડક પણ અનિવાર્ય ડગલુ છે. હવે દરેક પક્ષે સમાન નિયમો અને કાયદાના દાયરામાં રહીને જ જનતાનો જનાદેશ મેળવવો પડશે.

# ઈરાને કહ્યું ભારતીય જહાજોને હોર્મુઝ પાર કરવામાં મદદ કરીશું

## ભારતમાં ઈરાનના રાજદૂત મોહમ્મદ ફતહલીએ જણાવ્યું કે ઈરાન અને ભારત વચ્ચે આ મુદ્દે સકારાત્મક વાતચીત ચાલી રહી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન

સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં તણાવ ફરી એકવાર સાતમા આસમાને પહોંચી ગયો છે. પાકિસ્તાનમાં અમેરિકા અને ઈરાન વચ્ચેની વાતચીત નિષ્ફળ ગયા બાદ અમેરિકાએ હોર્મુઝ પર નિયંત્રણનો દાવો કર્યો છે. આ જાહેરાતથી ભારતીય જહાજોની મુશ્કેલીઓ વધી ગઈ છે. ૧૧ એપ્રિલ ૨૦૨૬ના રોજ, ભારતીય ધ્વજ ધરાવતું ૧૦મું એલપીજી ટેન્કર જગ વિક્રમ સ્ટ્રેટ ઓફ હોર્મુઝ પસાર કરીને અરબી સમુદ્રમાં પહોંચ્યું હતું. આ જહાજ પર ૨૦,૪૦૦ ટન LPG અને ૨૪ ક્રૂ મેમ્બર્સ સવાર હતા. આ જહાજ ૧૫ એપ્રિલે મુંબઈ પહોંચવાનું છે. શિપિંગ મંત્રાલયના જણાવ્યા અનુસાર, પશ્ચિમ ભાગમાં (ફારસની ખાડી) હજુ પણ ભારતીય ધ્વજ ધરાવતા ૧૫ જહાજો ફસાયેલા છે. જેમાં એક LNG જહાજ, એક ખાલી LPG જહાજ, છ ક્રૂડ ઓઈલ ટેકર (પાંચ ભરેલા અને એક ખાલી), ત્રણ કન્ટેનર જહાજ, એક ડ્રેજર અને એક કેમિકલ કાર્ગો જહાજનો સમાવેશ થાય છે. આ જહાજોને સુરક્ષિત બહાર કાઢવા માટે ભારતીય નૌસેના સતત પ્રયાસો કરી રહી છે. ઈરાને જણાવ્યું છે કે તે ભારતના જહાજોને હોર્મુઝ સ્ટ્રેટમાંથી સુરક્ષિત રીતે પસાર થવામાં મદદ કરશે. ભારતમાં ઈરાનના રાજદૂત મોહમ્મદ ફતહલીએ જણાવ્યું કે ઈરાન અને ભારત વચ્ચે આ મુદ્દે સકારાત્મક વાતચીત ચાલી રહી છે. તેમણે કહ્યું કે વર્તમાન તણાવ છતાં ઈરાન ઈચ્છે છે કે ભારતના જહાજો કોઈપણ અવરોધ વગર આ માર્ગ પરથી પસાર થઈ શકે. તેથી ઈરાન, નવી દિલ્હીની મદદ કરવા તૈયાર છે. ફતહલીએ સ્પષ્ટ કર્યું હતું કે ઈરાને હોર્મુઝથી પસાર થતા ભારતીય ટેંકરો પાસેથી કોઈ પણ પ્રકારનો ટોલ કે શુલ્ક વસૂલ્યો નથી. ભારત સરકારે પણ ટોલ આપવાના રિપોર્ટનું સતત ખંડન કર્યું છે. તેમણે ભારત સરકાર અને અહીંના લોકોનો આભાર માનતા કહ્યું કે મુશ્કેલ સમયમાં ભારતે પોતાને એક વિશ્વસનીય અને સંવેદનશીલ ભાગીદાર સાબિત કર્યું છે. બંને દેશો વચ્ચે ગાઢ સાંસ્કૃતિક સંબંધો છે અને બંનેના હિતો સમાન છે. યુરોપિયન યુનિયન (EU)ના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને કહ્યું છે કે હોર્મુઝ સ્ટ્રેટમાં જહાજોની અવરજવર તાત્કાલિક પુનઃસ્થાપિત કરવી જોઈએ. તેમણે કહ્યું કે આ માર્ગ બંધ થવો એ વિશ્વ માટે ખૂબ જ નુકસાનકારક છે. તે અત્યંત જરૂરી છે કે જહાજોની અવરજવર ફરી શરૂ થાય. જ્યાં સુધી લેબેનોનમાં ઈઝરાયલી હુમલા ચાલુ રહેશે ત્યાં સુધી મિડલ ઈસ્ટમાં સ્થિરતા આવી શકશે નહીં. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ કહ્યું છે કે તેમનો દેશ ઈરાન પર અમેરિકાની દરિયાઈ નાકાબંધીનું સમર્થન કરે છે. રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પનો આ નિર્ણય સાચો છે અને ઈઝરાયલ આ બાબતમાં અમેરિકા સાથે મળીને કામ કરી રહ્યું છે. નેતન્યાહૂના દાવા મુજબ ઈરાને પાકિસ્તાનમાં થયેલી શાંતિ વાર્તાના નિયમોનું ઉલ્લંઘન કર્યું છે, જેના કારણે ટ્રમ્પે આ કડક પગલું ભર્યું છે.

# પશ્ચિમ રેલ્વે ચલાવશે ગાંધીધામ-માલદા ટાઉન-ગાંધીધામ વચ્ચે સમર સ્પેશિયલ ટ્રેન

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની ભીડ અને માંગને ધ્યાનમાં રાખીને ગાંધીધામ–માલદા ટાઉન–ગાંધીધામ વચ્ચે સમર સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

- ટ્રેન સંખ્યા ૦૯૪૬૩/૦૯૪૬૪ ગાંધીધામ–માલદા ટાઉન–ગાંધીધામ સમર સ્પેશિયલ
- ટ્રેન સંખ્યા ૦૯૪૬૩ ગાંધીધામ–માલદા ટાઉન સમર સ્પેશિયલ, તારીખ ૧૯ એપ્રિલ ૨૦૨૬ (રવિવાર)ના રોજ ગાંધીધામથી ૧૨:૩૦ વાગ્યે પ્રસ્થાન કરશે અને ત્રીજા દિવસે મંગળવારે ૦૯:૧૦ વાગ્યે માલદા ટાઉન પહોંચશે.
- આ જ રીતે, ટ્રેન સંખ્યા ૦૯૪૬૪ માલદા ટાઉન–ગાંધીધામ સમર સ્પેશિયલ તારીખ ૨૧ એપ્રિલ ૨૦૨૬ (મંગળવાર)ના રોજ માલદા ટાઉનથી ૧૭:૩૫ વાગ્યે પ્રસ્થાન કરશે અને ત્રીજા દિવસે ગુરુવારે ૧૫:૩૦ વાગ્યે ગાંધીધામ પહોંચશે.

આ ટ્રેન માર્ગમાં બંને દિશામાં સામાખ્યાલી, રાધનપુર, ભીલડી, પાલનપુર, આબુ રોડ, અજમેર, જયપુર, બાંદીકુઈ, ભરતપુર, ઈદગાહ આગ્રા, ટૂંડલા, ઈટાવા, ગોવિંદપુરી, પ્રયાગરાજ, મિર્ઝાપુર, પંડિત દિન દયાલ ઉપાધ્યાય, બક્સર, આરા, પટના, કિઉલ, અભયપુર, જમાલપુર, સુલ્તાનગંજ, ભાગલપુર, કહલગાંવ, સાહિબગંજ, બડહરવા અને ન્યૂ ફરક્કા સ્ટેશનો પર રોકાશે.

આ ટ્રેનમાં એસી ૨-ટિયર, એસી ૩-ટિયર, સ્લીપર તેમજ સામાન્ય શ્રેણીના કોચ રહેશે.

ટ્રેન સંખ્યા ૦૯૪૬૩ ગાંધીધામ–માલદા ટાઉન સમર સ્પેશિયલ માટે બુકિંગ તારીખ ૧૪ એપ્રિલ ૨૦૨૬ થી તમામ પીઆરએસ PRS કાઉન્ટરો તેમજ આઈઆરસીટીસી વેબસાઈટ પર ઉપલબ્ધ રહેશે.

ટ્રેનોના સમય, સ્ટોપેજ અને અન્ય માહિતી માટે www. enquiry. indianrail.gov.in નું અવલોકન કરો.

# એમપી હાઈકોર્ટે મહિલાની ભરણપોષણની અરજી ફગાવી

(સંપૂર્ણ સમાચાર સેવા)ભોપાલ

હાલમાં જ મધ્ય પ્રદેશ હાઈકોર્ટમાં એક મહિલાએ તેના પતિ પાસેથી વચગાળાના ભરણપોષણની માંગ કરતી અરજી કરી હતી. આ અરજીની સુનાવણીમાં કોર્ટે નોંધ્યું હતું કે, 'મહિલા આર્થિક રીતે સદ્ધર છે અને ભરણપોષણ કરવા માટે સક્ષમ છે. આ કેસમાં અરજીમાં કરાયેલી માંગ પતિના શરીરમાંથી માંસ નોચી લેવા બરાબર છે.'



આ કેસની સુનાવણીમાં મધ્ય પ્રદેશ હાઈકોર્ટના જસ્ટિસ વિવેક જૈને શેક્સપિયરના પ્રસિદ્ધ નાટક મર્ચન્ટ ઓફ વેનિસનો સંદર્ભ આપતા પત્નીની માંગને 'attempt to extract a pound of flesh' એટલે કે અત્યંત ક્રૂર અને અયોગ્ય ગણાવી હતી. ટૂંકમાં તમામ મુદ્દા ધ્યાનમાં રાખીને અવલોકન કર્યુ હતું કે, આ કેસમાં પતિ અને પત્નીની આવક લગભગ સરખી છે. તેઓને કોઈ સંતાન પણ નથી.

આ નાટકમાં શાયલોક નામનો એક વ્યાજખોર હોય છે. તે એક વ્યક્તિને પૈસા ઉધાર આપતી વખતે શરત રાખે છે કે, જો સમયસર પૈસા પાછા નહીં મળે, તો તે ઉધાર લેનારાના શરીરમાંથી ગમે ત્યાંથી એક પાઉન્ડ માંસ કાપી લેશે. આ પરથી 'પાઉન્ડ ઓફ ફલેશ' શબ્દનો ઉદભવ થયો છે. સરળ ભાષામાં તેનો અર્થ કોઈની ચામડી ઉતરડી લેવી કે કોઈના લોહી તરસ્યા હોવું એવો થઈ શકે. આ દંપતિના લગ્ન ૪ નવેમ્બર ૨૦૨૨ના રોજ થયા હતા, પરંતુ જૂન ૨૦૨૩થી તેઓ અલગ રહેતા હતા.

આ દરમિયાન પતિએ છૂટાછેડા માટે અરજી કરી હતી. છૂટાછેડાની કાર્યવાહી વખતે પત્નીએ ફેમિલી કોર્ટમાં ભરણપોષણ અને કાયદાકીય ખર્ચ માટે અરજી કરી હતી. આ અરજીમાં મહિલાએ પોતે જ સ્વીકાર્યું હતું કે, 'હું નોકરી કરું છું અને મારી વાર્ષિક આવક રૂ. ૨૦ લાખ છે. જો કે, મારા પતિની વાર્ષિક આવક રૂ. ૩૦ લાખ છે.' જો કે, તેના પતિએ આ દાવો નકારી કાઢ્યો હતો. ફેમિલી કોર્ટે આ અરજી ફગાવતા કહ્યું હતું કે, 'મહિલા પહેલેથી જ નોંધપાત્ર આવક ધરાવે છે અને તેની કોઈ અન્ય આર્થિક જવાબદારી નથી.'

જો કે આ ચુકાદાને મહિલાએ મધ્ય પ્રદેશ હાઈકોર્ટમાં પડકાર્યો હતો. મહિલાએ દલીલ કરી હતી કે, મારી આર્થિક સ્થિતિ બદલાઈ ગઈ છે. મારો પગાર ઘટીને વાર્ષિક રૂ. ૧૪.૮૧ લાખ થઈ ગયો છે.

જો કે, હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું કે આ ઘટાડા પછી પણ માસિક આવક આશરે રૂ. ૧.૨૫ લાખ છે, જે આર્થિક રીતે આત્મનિર્ભર રહેવા માટે પૂરતી છે.

આ દરમિયાન કોર્ટે અંતમાં જણાવ્યું હતું કે, 'તમારે કોઈ બાળકની જવાબદારી નથી. બંનેની આવકમાં મોટો તફાવત નથી કે, જેથી એક પક્ષ બીજા પર આર્થિક રીતે નિર્ભર હોય.' આ ટિપ્પણી કરીને હાઈકોર્ટે ફેમિલી કોર્ટના પત્નીને વચગાળાનું ભરણપોષણ આપવાનો ઈનકાર કરતો ચુકાદો યોગ્ય ઠેરવ્યો હતો.

### ચૂંટણી જંગમાં દેરાણી-જેઠાણી આમને-સામને!

# કોંગ્રેસ અને ભાજપે એક જ પરિવારની બે વહુને આપી ટિકિટ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

રાજયમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને ઉમેદવારો પ્રચારમાં લાગી ગયા છે. તો આ વચ્ચે અમરેલીમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં જંગ જામ્યો છે. અમરેલીના વોર્ડ નંબર ૯માં સગા દેરાણી અને જેઠાણી ચૂંટણી જંગમાં આમને સામને છે. ભાજપ અને કોંગ્રેસ દ્વારા દેરાણી જેઠાણીને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. રાજકારણે એક જ પરિવારની બે વહુઓને ચૂંટણી જંગમાં આમને સામને લાવી દીધી છે. અમરેલીના વોર્ડ નંબર ૯માં દેરાણી જેઠાણીની લડાઈ કે દેરાણી જેઠાણીનો જંગ નથી, બે વિચારધારાઓની લડાઈ છે, બે વિચારધારાઓની જંગ છે. અમરેલી શહેરના નગરપાલિકાના વોર્ડ નંબર ૯ માં કાજલબેન સોલંકીએ કોંગ્રેસમાંથી ઉમેદવારી કરી છે. તો આ જ વોર્ડ નંબર ૯ માં રહેતા ભાજપના ઉમેદવાર રેણુકાબેન સોલંકીએ ઉમેદવારી કરે છે. કાજલબેન સોલંકી અને રેણુકાબેન સોલંકી સગા દેરાણી-જેઠાણી છે.

રેણુકાબેન સોલંકી ભાજપની વિચારધારા ભાજપની કામ કરવાની પદ્ધતિ અને ભાજપ દ્વારા અમરેલી શહેરમાં કરેલા વિકાસના મુદ્દે તેઓ લોકો પાસે મત માંગશે. તો તેમની સામે તેમના દેરાણી ઉભા છે, તેની પરવાર નથી. કારણ કે તેઓ માને છે કે, અમારી વિચારધારા અલગ છે. અમારા પરિવારમાં પણ કોઈ પ્રકારનો વિખવાદ કે નારાજગી નથી. પરંતુ જેઠાણીને પૂરો ભરોસો છે કે તેમને જન સમર્થન મળશે. ભાજપ દ્વારા કરેલા કાર્યો અને વિકાસના આધારે ત્યારે જેઠાણીએ દેરાણી ઉપર ચોક્કસ વિજય મેળવશે તેઓ રેણુકાબેનને પાક્કો ભરોસો છે.

અમરેલી શહેરના નગરપાલિકાના વોર્ડ નંબર ૯ માં કાજલબેન સોલંકીએ કોંગ્રેસમાંથી ઉમેદવારી કરી છે. તેઓનો વિસ્તાર પછાત, પાણી, ગટર અને સફાઈ મુદ્દે તેઓ નગરપાલિકાના ગત ટર્મના શાસનથી નારાજ છે. કાજલબેને કહ્યું, તો હું જીતીશ તો વિસ્તારમાં સુશાસન લાવીશ. લોકોનું સમર્થન પણ છે અમરેલી શહેરના આ વિસ્તારમાં ઘણો વિકાસ કરવો જરૂરી છે. તેઓ પૂરા વિશ્વાસ સાથે એવું પણ જણાવી રહ્યા છે કે, ભલે સામે મારા જેઠાણી હોય અમારી વિચારધારા જુદી છે. જોકે પરિવારમાં સામસામે ઊભા છીએ એટલે કોઈ નારાજગી કે વિખવાદ નથી. પરંતુ દેરાણીને વિશ્વાસ છે કે હું ચોક્કસ મારી જેઠાણીને હરાવીને જ રહીશ. આમ, દેરાણી અને જેઠાણી બંનેએ પોતાની જીતનો વિશ્વાસ છે. જેઠાણી ભાજપના કરેલા વિકાસના કામોને લઈ અને લોકો સમક્ષ જશે તો તેની સામે દેરાણી પોતાનો વિસ્તાર અલગ જ રીતે બદલવાની વાત કરે છે. ત્યારે હવે જોવાનું એ રહે છે કે જેઠાણી દેરાણીને હરાવશે કે દેરાણી જેઠાણીને હરાવશે તે આવનારો સમય બતાવશે.

# ટ્રેન નંબર ૧૯૨૦૯/૧૦ ભાવનગર–ઓખા–ભાવનગર એક્સપ્રેસમાં તૃતીય વાતાનુકૂલિત કોચની સ્થાયી વૃદ્ધિ

યાત્રિયોની વધતી માંગ અને મુસાફરી સુવિધાઓને વધુ મજબૂત બનાવવા માટે પશ્ચિમ રેલવે દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.

આ અંતર્ગત ટ્રેન નંબર ૧૯૨૦૯/૧૦ ભાવનગર ટર્મિનસ–ઓખા–ભાવનગર ટર્મિનસ એક્સપ્રેસમાં એક વધારાનો તૃતીય વાતાનુકૂલિત (થર્ડ એસી) કોચ સ્થાયી રીતે લગાવવામાં આવશે.

વરિષ્ઠ મંડલ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ માહિતી આપતાં જણાવ્યું કે હાલમાં એક તૃતીય શ્રેણી વાતાનુકૂલિત કોચ (3rd AC) કોચ તાત્કાલિક રીતે લગાવવામાં આવતો હતો, જેને હવે રેલવે પ્રશાસન દ્વારા સ્થાયી રીતે લગાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ સુધારેલ કોચ રચના નીચે મુજબ અમલમાં આવશે:

- ટ્રેન નંબર ૧૯૨૦૯ (ભાવનગર ટર્મિનસ–ઓખા) માટે તારીખ ૦૧ જૂન, ૨૦૨૬ થી
- ટ્રેન નંબર ૧૯૨૧૦ (ઓખા–ભાવનગર ટર્મિનસ) માટે તારીખ ૦૨ જૂન, ૨૦૨૬ થી

આ નિર્ણયથી યાત્રિયોને વધુ આરક્ષિત બેઠકો ઉપલબ્ધ થશે તેમજ તેમની મુસાફરી વધુ આરામદાયક અને સુવિધાજનક બનશે.

મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ મુસાફરોને અપીલ કરી છે કે તેઓ આ વાતાનુકૂલિત કોચની સુવિધાનો વધુમાં વધુ લાભ લઈ સુરક્ષિત અને આરામદાયક મુસાફરીનો અનુભવ કરે.

### ડિજિટલ કાંટામાં 'ડિજિટલ ચોરી'

# રિમોટ કંટ્રોલથી વજનમાં ૧૪ ટન સુધીનો ઘટાડો કરી વેપારીઓને લૂંટતી ગેંગ ઝડપાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતના વિવિધ હાઈવે અને ઔદ્યોગિક વિસ્તારોમાં આવેલા વે બ્રિજ (ધર્મકાંટા) પર વજનમાં મોટી ગેરરીતિ આચરતા એક વ્યવસ્થિત નેટવર્કનો અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે પર્દાફાશ કર્યો છે. આરોપીઓ વે બ્રિજના મશીનમાં ખાસ પ્રકારની ઈલેક્ટ્રોનિક ચિપ બેસાડી રિમોટ કંટ્રોલ દ્વારા વજનમાં ૧ થી ૧૪ ટન સુધીનો ફેરફાર કરીને વેપારીઓ સાથે કરોડોની ઠગાઈ આચરતા હોવાનું બહાર આવ્યું છે.

તપાસમાં ખુલાસો થયો છે કે, આ ટોળકી વે બ્રિજના વજનકાંટાના સેન્સરમાં ગુપ્ત રીતે ચિપ ફીટ કરી દેતી હતી. જ્યારે માલ ભરેલું વાહન વજન કરાવવા આવે ત્યારે રિમોટ દ્વારા વજન ઘટાડી દેવામાં આવતું હતું. આ રીતે વજનમાં ૧ ટનથી લઈને ૧૪ ટન જેટલો તોતિંગ ઘટાડો કરવામાં આવતો અને તે મુજબની ખોટી પહોંચ બનાવી વેપારીઓને પધરાવી દેવામાં આવતી હતી. આ છેતરપિંડીમાં વેપારીઓને માલ ઓછો મળતો અથવા વધુ ચૂકવણી કરવી પડતી હતી.અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે આ મામલે સઘન તપાસ કરીને અત્યાર સુધીમાં ૭ મુખ્ય સૂત્રધારોની ધરપકડ કરી છે. જોકે, આ કૌભાંડમાં સામેલ અન્ય ૬ આરોપીઓ હજુ પણ પોલીસ પકડથી દૂર છે, જેમને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે. ઝડપાયેલા આરોપીઓની પૂછપરછમાં રાજ્યના અન્ય કયા કયા શહેરોમાં આ રીતે ચિપ બેસાડવામાં આવી છે તેના ચોંકાવનારા ખુલાસા થવાની શક્યતા છે.

# કમળના શાસનમાં જનતા ત્રસ્ત અને નેતા મસ્તઃ મંત્રી ઋષીકેશ પટેલના વિસ્તારમાં જ ભાજપના કાર્યકર્તાએ જાહેરમાં વિકાસના લીરેલીરા ઉડાવ્યા હોવાનો વિડીયો વાયરલ

પ્રતિનિધિ,ગાંધીનગર

મહેસાણા જિલ્લાના વિસનગરમાં ભાજપના એક મહિલા કાર્યકર્તાએ ટીકીટ ન મળતા પક્ષ અને સ્થાનિક કામગીરી સામે મોરચો માંડયો હતો. લોકગાયક સાગર પટેલની પત્ની રાજવી પટેલે એક વિડીયો સોશીયલ મીડીયા પર વાયરલ કરીને વિસનગરના વિકાસના લીરેલીરા ઉડાવ્યા છે. આ વિડીયોમાં તેમણે વિસનગર શહેરના ખરાબ રોડ રસ્તા અને ખુલ્લી ગટરોની ગંભીર સમસ્યાઓ મુદ્દે ભારે બળાપો ઠાલવ્યો છે. રાજવી પટેલે સીધો પ્રહાર કરતા વિસનગરના ધારાસભ્ય અને ઉર્જા મંત્રી ની કામગીરી સામે પણ સવાલો ઉભા કર્યા છે. તેમણે દાવો કર્યો છે કે વિસનગરમાં વિકાસના નામે માત્ર શુન્ય પરીસ્થિતિ છે. ટીકીટ ન મળતા નારાજ થયેલા કાર્યકર્તા દ્વારા આ રીતે વિકાસના મુદ્દે સરકારને ઘેરતા સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી જવા પામ્યો છે. ઉલ્લેખનીય છે કે લોકગાયક સાગર પટેલના પિતા અગાઉ વિસનગર નગરપાલિકામાં કોર્પોરેટર રહી ચુકયા છે. એવામાં સસરાના શાસનકાળમાં વિકાસ મુદ્દે કેમ કોઈ સવાલ ન ઉઠાવ્યા ? તેને લઈને હવે આક્ષેપો ઉઠી રહ્યા છે. ટીકીટ ન મળતા રાજવી એ બળાપો કાઢયાનો સોશીયલ મીડીયા પર દાવો થઈ રહ્યો છે. તો બીજી તરફ રાજવી પટેલનો દાવો છે કે બિમાર દાદીને એમ્બ્યુલન્સમાં લઈ જતા ખરાબ રોડ રસ્તાને લીધે ભારે હાલાકી પડી અને ત્યારબાદ તેણે આ વિડીયો બનાવવાનુ નકકી કર્યુ, વિસનગરના વિકાસ પર ધ્યાન દેવા તેણે વડાપ્રધાન મોદી અને મુખ્યમંત્રીને અપીલ કરી છે.




# અમરેલી જિલ્લાના બગસરામાં ચુંટણી અગાઉ તૈયારીઓ તેજઃ મંત્રી કૌશિક વેકરીયાની હાજરીમાં ચુંટણી લક્ષી બેઠક

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

અમરેલી જિલ્લાના બગસરા નગરપાલિકા વિસ્તારમાં આવનારી સ્થાનિક સ્વરાજયની ચુંટણીને ધ્યાનમાં રાખીને મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં નગરપાલિકાના ઉમેદવારો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ખાસ કરીને રાજયના ઉર્જા મંત્રી કૌશિક વેકરીયાની હાજરીએ બેઠકને વધુ મહત્વપૂર્ણ બનાવી હતી.



બેઠક દરમિયાન શહેરના સર્વાંગી વિકાસ, નાગરીક સુવિધાઓમાં વધારો અને લોકો સુધી સરકારના વિકાસકાર્યો પહોંચાડવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. સાથે જ પ્રચારની અસરકારક વ્યુહ રચના ઘડવા અને મતદારો સુધી સીધી પહોચ સુનિશ્ચિત કરવા મંત્રી દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. મંત્રીએ ઉમેદવારોને સંગઠનની શકિત મજબુત બનાવી જન જન સુધી સકારાત્મક સંદેશ પહોચાડવા પ્રેરીત કર્યા હતા. તેમણે ભારપૂર્વક જણાવ્યુ હતુ કે એકતા અને સંકલન સાથે કાર્ય કરવાથી જ ભવ્ય વિજય હાંસલ કરી શકાય છે. બેઠકના અંતે તમામ ઉમેદવારો અને કાર્યકર્તાઓએ એક જુટ થઈને ચુંટણીમાં જીત મેળવવા માટે સમર્પિત પ્રયાસો કરવાની કટીબધ્ધતા વ્યકત કરી હતી. આ બેઠકને આવનારી ચુંટણી માટે મહત્વપૂર્ણ પગલુ માનવામાં આવી રહ્યુ છે.

ભાજપ અને કોંગ્રેસ એક જ સિકકાની બે બાજુઃ ગોપાલ ઈટાલીયાએ જેતપુરના ધારાસભ્યના નિવેદન બાદ લગાવ્યા ગંભીર આરોપ

# ગોપાલ ઈટાલીયાએ ભાજપ કોંગ્રેસ પર કર્યા આકરા પ્રહારો : પડદા પાછળ કોંગ્રેસ અને ભાજપ ભાઈ-ભાઈઃ વિપક્ષી ભુમિકા પર ઉઠાવ્યા સવાલ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં છેલ્લા ત્રણ દાયકાથી ભાજપ શાસનમાં છે અને કોંગ્રેસ વિપક્ષની ભુમિકામાં છે. પરંતુ આમ આદમી પાર્ટી ના આગમન બાદ વારંવાર એક આક્ષેપ થતો રહ્યો છે કે આ બંને પાર્ટીઓ અંદરખાને મળેલી છે. જેતપુરના ભાજપના ધારાસભ્ય મહેન્દ્ર પાડલીયાએ જાહેરમાં આપેલા એક નિવેદને હવે આ આક્ષેપોને જાણે સમર્થન આપી દીધુ છે.




ગોપાલ ઈટાલીયાએ આ તકનો લાભ લઈને જનતા સમક્ષ એક જવો જ તર્ક રજુ કર્યો છે કે કેવી રીતે ગુજરાતની જનતાને ૩૦ વરસથી છેતરવામાં આવી રહી છે. ઘટના કંઈક એવી છે કે જેતપુરના લેઉઆ પટેલ સમાજ ભવન ખાતે એક જનસેવા સંકલ્પ કાર્યક્રમ યોજાયો હતો. મંચ પરથી સંબોધન કરતી વખતે ધોરાજી-જેતપુરના ભાજપના ધારાસભ્ય મહેન્દ્ર પાડલીયાએ અચાનક એવુ કહી દીધુ હતુ કે કોંગ્રેસ પાસે ઉમેદવારો ન હતા એટલે તમારૂ ખરાબ ન દેખાય એ માટે અમે તમને (ભાજપ) ને ઉમેદવાર આપ્યા હતા, આ નિવેદનનો વિડીયો વાયુવેગે સોશીયલ મીડીયા પર વાયરલ થયો છે.

રાજકીય વિશ્લેષકો માને છે કે ધારાસભ્યએ અજાણતામાં એ સત્ય સ્વીકારી લીધુ જે અત્યાર સુધી બંધ બારણે ચર્ચાતુ હતું, આનો સીધો અર્થ એ થયો કે ચુંટણીમાં ભાજપ જ નકકી કરે છે કે કોંગ્રેસ તરફથી કોણ લડશે, જેથી વિપક્ષી મતોનુ વિભાજન કરી શકાય અને સત્તાધારી પક્ષ સુરક્ષિત રહે.

આ નિવેદન સામે આવતા જ આમ આદમી પાર્ટીના પ્રદેશ નેતા ગોપાલ ઈટાલીયાએ પ્રેસ કોન્ફરન્સ યોજીને ભાજપ અને કોંગ્રેસને બરાબરના ભીસમાં લીધા હતા. ઈટાલીયાએ કટાક્ષ કરતા કહ્યુ હતુ કે ભાજપના ધારાસભ્યનો ખુબ ખુબ આભાર કે તેમણે ગુજરાતની જનતા સામે સત્ય કબુલ્યુ, જે વાત અમે વરસો થી કહેતા હતા કે ભાજપ અને કોંગ્રેસ એ ઈલુ ઈલુ (મીલીભગત) કરી રહ્યા છે તેના પર ભાજપે જે મહોર મારી દીધી છે, ઈટાલીયાએ વધુમાં આક્ષેપ કર્યો હતો કે અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર અને બોટાદ જેવા જિલ્લાઓમાં અનેક બેઠકો એવી છે જયાં કોંગ્રેસના નામે ભાજપના જ માણસો ચુંટણી લડે છે. આ એક એવુ ષડયંત્ર છે જે જનતાની આંખમાં ધુળ નાંખવા માટે રચાયેલુ છે.

ગોપાલ ઈટાલીયાએ આ વ્યુહ રચના પાછળનુ કારણ સમજાવતા કહ્યુ હતુ કે ભાજપ અને કોંગ્રેસ બંને માટે અત્યારે સૌથી મોટો ખતરો આમ આદમી પાર્ટી છે. જયાર થી ગુજરાતમાં ત્રીજો પક્ષ મજબુત થયો છે, ત્યારથી આ બંને સ્થાપિત પક્ષોના પેટમાં તેલ રેડાયુ છે. તેમણે ભુતકાળની ઘટનાઓ યાદ અપાવતા કહ્યુ હતુ કે કોંગ્રેસના જ પુર્વ નેતાઓએ ભુતકાળમાં કહ્યુ હતુ કે કોંગ્રેસ ન ગમે તો ભાજપ ને મત આપજો પણ ઝાડુ (આમ આદમી પાર્ટી) ને ન આપતા, ઈટાલીયાએ સવાલ ઉઠાવ્યો હતો કે સુરત જેવી જગ્યાએ આમ આદમી પાર્ટી મજબુત હતી ત્યાં ભાજપના ઉમેદવાર બિનહરીફ કેવી રીતે જીતી ગયા ? કોંગ્રેસના ઉમેદવારે કેમ છેલ્લી ઘડીએ ફોર્મ ખેંચ્યુ અથવા કેમ ફોર્મ રદ થયુ ? આ બધુ જ મેચ ફીકસીંગ સિવાય બીજુ કંઈજ નથી. ઈટાલીયાએ અંતમાં ભાવુક અપીલ કરતા કહ્યુ હતુ કે ગુજરાતની ભોળી જનતા છેલ્લા ૩૦ વરસથી આ નુરાકુસ્તી જોઈ રહી છે. એક પક્ષ ગાળો આપે છે અને બીજો પક્ષ સત્તા ભોગવે છે. પણ હકીકતમાં બંને એક જ છે. તેમણે વધુમાં કહ્યુ હતુ કે આમ આદમી પાર્ટીના આવવાથી આ બંને પક્ષોની ઉંઘ હરામ થઈ ગઈ છે. કારણ કે હવે તેમની વચ્ચેની આ ખાનગી સમજુતીઓ જાહેર થવા લાગી છે.

# રાજકોટ કોંગ્રેસમાં ભુકંપઃ પૂર્વ વિપક્ષ નેતા ભાનુબેન અને પ્રવિણભાઈ સોરાણીએ આપ્યું રાજીનામુ

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટ મહાનગરપાલિકાની ચુંટણી અગાઉ કોંગ્રેસને વધુ એક મોટો ઝટકો લાગ્યો છે. ગઈ ટર્મમાં મનપામાં વિપક્ષ નેતા તરીકે કામ કરનાર શ્રીમતી ભાનુબેન સોરાણી અને વોર્ડ ના જ પૂર્વ કોંગી કોર્પોરેટર પ્રવિણભાઈ સોરાણીએ આજે સોમવારે કોંગ્રેસના સભ્ય પદેથી રાજીનામુ આપી દેતા વોર્ડ નં. ૧૫ સહિત કોંગ્રેસમાં ભુકંપ સર્જાઈ ગયો છે. આજે સોમવારે સોરાણી દંપત્તિએ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાને તેમનુ રાજીનામા પત્ર મોકલી આપ્યો હતો.



વોર્ડ નં. ૧૫ માં પાર્ટીએ કોળી સમાજમાં અને વોર્ડ માં સારૂ એવુ પ્રભુત્વ ધરાવતા પ્રવિણભાઈ સોરાણીને ટીકીટ આપી નથી. ત્યારબાદ આજે ભાનુબેન અને પ્રવિણભાઈ સોરાણીએ પ્રદેશને લખેલા પત્રમાં જણાવ્યુ હતુ કે હાલની પરીસ્થિતિમાં તેઓ પતિ પત્ની કોંગ્રેસ પક્ષમાં કામ કરી શકીએ તેમ નથી, અમને કોંગ્રેસે ઘણુ આપ્યું છે. સ્વ. મનોહરસિંહજી જાડેજાના સાનિધ્યમાં તેઓ ૧૯૯૭ માં કોંગ્રેસ પક્ષમાં જોડાયા હતા અને કોંગ્રેસે પાંચ વખત ચુંટણી લડવાની તક આપી હતી. આ પૈકી ચાર વખત તેઓ ચુંટણી જીત્યા પણ હતા, હાલની સ્થિતિમાં શહેર નેતાગણ અને વોર્ડ ના અમુક આગેવાનો સાથે કામ કરી શકાય તેમ નથી, પ્રદેશ પ્રમુખ, એઆઈસીસીના સેક્રેટરી, ગુજરાત કોળી સમાજના આગેવાન ઋત્વિકભાઈ મકવાણા, પૂર્વ ધારાસભ્યો, કોળી સમાજના આગેવાન પુંજાભાઈ વંશ, મહેશભાઈ રાજપુત, ડો.હેમાંગભાઈ વસાવડા સહિતના આગેવાનો દ્વારા ૨૭ વરસમાં તેમની કારર્કિદી બનાવવામાં પુરતો સહયોગ આપ્યો હતો. આ સહિતના સાથીદારો અને મતદારોનો તેમણે આભાર માન્યો હતો. આ અંગે પ્રવિણભાઈ સોરાણીનો ગરવી ગુજરાતે સંપર્ક કરતા તેમણે જણાવ્યુ હતુ કે આજની ટીમ સાથે તેઓ કામ કરી શકે તેમ નથી, ૨૮ વરસ માં તેઓએ વોર્ડમાં કોંગ્રેસને મજબુત કરવા પુરા અને નિષ્ઠાપૂર્વકના પ્રયાસો કર્યા છે. હવે કઈ દિશા તરફ જવુ તે નકકી કર્યુ નથી, કોળી સમાજના આગેવાનો, નેતાઓ અને વિશાળ પરીવારજન સાથે ચર્ચા કરીને આગળ નિર્ણય લેવાશે તેવુ પ્રવિણભાઈ સોરાણીએ કહ્યુ હતું.

# ગાંધીનગરના સાંતેજ પીઆઈ સામે કોંગ્રેસનો મોરચો : મોટી ભોંયણના ઉમેદવારને ફોર્મ પરત ખેંચવા ધમકાવતા હોવાનો આક્ષેપ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓનો માહોલ ગરમાયો છે. ત્યારે સાંતેજ પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેકટર પર કોંગ્રેસ દ્વારા ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. કોંગ્રેસનો આક્ષેપ છે કે પોલીસ અધિકારી સત્તાધારી પક્ષના ઈશારે વિપક્ષના ઉમેદવારોને ડરાવી ધમકાવી રહ્યા છે. ઉમેદવારને ફોર્મ પરત ખેંચવા દબાણ કરતા હોવાનો આરોપ લગાડયો છે.



આ વિવાદ મોટી ભોંયણ બેઠકના કોંગ્રેસના ઉમેદવારને લઈને સર્જાયો છે. કોંગ્રેસના નેતાઓનો આક્ષેપ છે કે સાંતેજ પીઆઈ દ્વારા મોટી ભોંયણના કોંગી ઉમેદવાર પર ઉમેદવારી ફોર્મ પરત ખેંચી લેવા માટે સતત દબાણ કરવામાં આવી રહ્યુ છે. એટલુ જ નહી ઉમેદવારને ધમકાવવામાં આવતા હોવાના આક્ષેપને પગલે કોંગ્રેસમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ મામલે કોંગ્રેસના વરીષ્ઠ નેતા નિશિથ વ્યાસ ની આગેવાની હેઠળ એક ઉચ્ચસ્તરીય પ્રતિનિધિ મંડળ ગાંધીનગર કલેકટર કચેરી ખાતે પહોચ્યુ હતું. કોંગ્રેસના નેતાઓએ કલેકટરને રૂબરૂ મળીને લેખીતમાં રજુઆત કરી હતી અને સાંતેજ પીઆઈ સામે કડક પગલા લેવાની માંગ કરી હતી. કોંગ્રેસે ચીમકી ઉચ્ચારી હતી કે જો પોલીસ અધિકારીની જો હુકમી બંધ નહી થાય તો તેઓ ચુંટણીપંચ સુધી આ મામલે રજુઆત કરશે. કોંગ્રેસ નેતા નિશિથ વ્યાસે મીડીયા સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે પોલીસ તટસ્થ રહીને કામ કરવાને બદલે ભાજપના એજન્ટની જેમ વર્તી રહી છે. અમારા ઉમેદવારોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. સાંતેજ પીઆઈ જે રીતે મોટી ભોંયણના ઉમેદવારને ધમકાવી રહ્યા છે તે લોકશાહીની હત્યા સમાન છે, અમે કલેકટર પાસે ન્યાયની માંગ કરી છે.

વોરન્ટ અને ધરપકડની કાર્યવાહી બાદ રીમાન્ડ અને તપાસનો ધમધમાટ તેજ

# પોપ્યુલર ગ્રૃપના બિલ્ડર દશરથ પટેલને ૪ દિવસના રીમાન્ડ : ૩૦ કરોડની જમીન હડપવાનુ કૌભાંડ

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદના જાણીતા પોપ્યુલર ગ્રૃપના બિલ્ડર દશરથ પટેલની આખરે અમદાવાદ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. પોલીસથી બચવા માટે નાથદ્વારામાં છુપાયેલા દશરથ પટેલને પોલીસે દબોચી લીધો હતો. અમદાવાદમાં ગ્રામ્ય એસપી ઓમ પ્રકાશ જાટ દ્વારા યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં આ અંગેની ચોંકાવનારી વિગતો આપવામાં આવી હતી.



આ કેસ સાણંદના ગોધાવી ગામની અંદાજે રૂપીયા ૩૦ કરોડની કિંમતની કિમતી જમીન સાથે જોડાયેલો છે. આ જમીન મુળ સાણંદ સ્ટેટ તરફથી જમીન માલીકને મળી હતી. જો કે દશરથ પટેલે આ જમીન હડપવા માટે મોટુ ષડયંત્ર રચ્યુ હતું. તપાસમાં બહાર આવ્યુ હતુ કે તેમણે સર્યુદાસ નામનો એક ખોટો (ડમી) માણસ ઉભો કર્યો હતો અને વારસાઈ નોંધમાં ચેડા કરીને જમીન પોતાના નામે કરાવી લીધી હતી.

આરોપી દશરથ પટેલ વિરૂધ્ધ શહેરમાં ૬ અને ગ્રામ્યમાં ૨ મળી કુલ ૮ ગુન્હા નોંધાયેલા છે. ધરપકડથી બચવા માટે તે કોર્ટમાં કાયદાકીય લડત લડી રહ્યો હતો. પરંતુ સફળતા મળી ન હતી, ૧૧ ફેબ્રુઆરીએ કલમ ૭૦ મુજબનુ અને ત્યારબાદ કલમ ૮૨ મુજબનુ વોરન્ટ જારી થતા જ તે ફરાર થઈ ગયો હતો. અંતે એલસીબીની ટીમે ટેકનીકલ સર્વેલન્સના આધારે નાથદ્વારાથી તેને ઝડપી લીધો હતો.

કોર્ટે આરોપી દશરથ પટેલના ૪ દિવસના રીમાન્ડ મંજુર કર્યા છે. એસપી ઓમ પ્રકાશ જાટે પ્રેસ કોન્ફરન્સ યોજી જણાવ્યુ હતુ કે આ કૌભાંડમાં રેવન્યુ વિભાગના કયા અધિકારીઓ કે કર્મચારીઓની સંડોવણી છે તેની કડક તપાસ કરવામાં આવશે.

આ ઉપરાંત ફરાર હોવા દરમિયાન જે લોકોએ દશરથ પટેલને છુપાવવામાં મદદ કરી છે તેમની વિરૂધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરી ધરપકડ કરવામાં આવશે.

# પક્ષપલ્ટો કરનાર રાજુ કરપડા માલામાલઃ ૪ વર્ષમાં ૬ ઘણી મિલ્કત વધીઃ માત્ર ૪ મહિનામાં જ ખરીદી લીધી ૪૨ વિઘા જમીન

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકીય નેતાઓની સંપત્તિમાં થતા વધારા હંમેશા ચર્ચાનો વિષય રહ્યા છે. ત્યારે પક્ષપલ્ટો કરનાર રાજુ કરપડાની મિલ્કતમાં થયેલો તોતીંગ ઉછાળો હાલ ટોક ઓફ ધ ટાઉન બન્યો છે.

વર્ષ ૨૦૨૨ અને ૨૦૨૬ ની એફીડેવીટ (સોગંદનામુ) ની સરખામણી કરતા બહાર આવ્યુ છે કે માત્ર ૪ વરસના ટુંકા ગાળામાં તેમની સંપત્તિમાં ૬.૨૪ ગણો વધારો થયો છે. રાજુ કરપડા ભાજપમાંથી મુળી-૨ બેઠક પરથી હાલ ચુંટણી લડી રહ્યા છે. વર્ષ ૨૦૨૨ માં જયારે રાજુ કરપડાએ વિગતો જાહેર કરી હતી ત્યારે તેમની કુલ મિલ્કત અંદાજે ૫૦ લાખ રૂપીયાની આસપાસ હતી, જો કે ૨૦૨૬ ની લેટેસ્ટ એફીડેવીટ મુજબ આ આંકડો કુદકે ને ભુસકે વધીને ૩.૧૨ કરોડ રૂપીયાને પાર કરી ગયો છે. ૪ વર્ષના ગાળામાં આટલો મોટો આર્થિક ઉછાળો જોઈને વિશ્લેષકો પણ આશ્ચર્યચકીત થઈ ગયા છે. રાજુ કરપડા હવે કુલ ૫૭ વિઘા જમીનના માલિક બની ગયા છે. સૌથી ચોંકાવનારી વિગત એ છે કે તેમણે વર્ષ ૨૦૨૩ માં જાન્યુઆરી થી મે માસ વચ્ચે એટલે કે માત્ર ૪ મહિનાના ગાળામાં જ ૪૨ વિઘા જમીન ખરીદી કરી હતી. આ જંગી જમીન સોદાઓએ સ્થાનિક સ્તરે અનેક તર્ક વિતર્ક જગાવ્યા છે. ૫૦ લાખ થી શરૂ થયેલી સફર આજે કરોડોમાં પહોંચતા જ જનતામાં આ કમાણીના સ્ત્રોતને લઈને ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.



# એક પરીવારમાં ૫ ઉમેદવારઃ મંત્રી ઈશ્વર પટેલ પોતાના ભાઈ પર વરસી પડયા

પ્રતિનિધિ,ગાંધીનગર

ભરૂચ જિલ્લાના હાંસોટ તાલુકામાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. રાજય કક્ષાના મંત્રી ઈશ્વર પટેલે પોતાના જ ભાઈ વલ્લભભાઈ પટેલ પર તીખા પ્રહાર કરતા રાજકારણમાં પરીવારવાદનો મુદ્દો ઉઠાવ્યો હતો. વલ્લભભાઈ પટેલ તથા તેમના પરીવારના કુલ પાંચ સભ્યોએ ચુંટણીમાં ઉમેદવારી નોંધાવી છે જેને લઈને રાજકીય વર્તુળોમાં ચર્ચા જાગી છે. આ મુદ્દે ઈશ્વરસિંહ પટેલે આક્ષેપ કરતા કહ્યુ હતુ કે વલ્લભદાસ પોતે હાંસોટનો રાજા હોય એમ પત્ની, પુત્રી, પુત્રવધુ અને પુત્ર પાસે પણ ફોર્મ ભરાવ્યા છે.




તેમણે કોંગ્રેસ પર પણ નિશાન સાધતા જણાવ્યુ હતુ કે કોંગ્રેસ પાસે ઉમેદવારો જ ન હતા તેથી એક જ પરીવારના સભ્યોને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. સાથે જ તેમણે પોતાના ભાઈના કાર્યકાળ પર સવાલ ઉઠાવતા કહ્યુ હતુ કે વલ્લભદાસે હાંસોટમાં એકપણ કામ કર્યુ હોય તો બતાવે, હું રાજનીતી છોડી દઈશ, ઈશ્વરસિંહ પટેલે વધુમાં દાવો કર્યો હતો કે વલ્લભ પટેલ ભાજપમાં જોડાવવા માટે ઉત્સુક હતા , પરંતુ વ્યકિતગત લાલસાના કારણે તે શકય બન્યુ નહી, નોંધનીય છે કે સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં એક જ પરીવારના સભ્યો સામસામે હોય તેવા અનેક કિસ્સાઓ બહાર આવી રહ્યા છે. ત્યારે ભરૂચ જિલ્લાના હાંસોટ તાલુકામાં પણ આવુ જ કંઈક જોવા મળી રહ્યુ છે.

પાંચની અટકાયત કરવામાં આવી

# સુરતમાં પ્રસાદના લાડુમાં ઝેર ભેળવી આખા પરિવારને ખતમ કરવાનો પ્રયાસ

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતમાં પ્રસાદમાં ઝેર ભેળવી આખા પરિવારને ખતમ કરવાના પૂર્વ આયોજીત કાવતરાનો પર્દાફાશ થયો હતો. ઉત્રાણની શાલીગ્રામ હાઈટ્સમાં રહેતા પરિવારના દરવાજા પર ઝેરયુક્ત લાડુનો પ્રસાદ લટકાવી મોતના મુખમાં ધકેલવાનો પ્રયાસ થયો હતો. પોલીસે સીસીટીવીના આધારે પાંચ શંકાસ્પદોની ઓળખ કરી પૂછપરછ શરૂ કરી છે. મળતી જાણકારી અનુસાર, શાલીગ્રામ હાઈટ્સમાં ૧૦ તારીખે ગોરધનભાઈ ડોંડાના ઘરના મુખ્ય દરવાજાના હેન્ડલ પર બુંદીના લાડુવાળી થેલી લટકતી હતી. સામાન્ય રીતે પરિચિતો કે પડોશીઓ આ રીતે પ્રસાદ વહેંચતા હોય છે. જેથી તેમને કોઈ શંકા ગઈ ન હતી. ગોરધનભાઈ, તેમના પત્ની અને પુત્રવધુએ આ લાડુ ખાધા હતા. જેના થોડા સમયમાં ત્રણેયની તબિયત લથડી હતી અને તેમને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. ઝેરની અસર ગોરધનભાઈ પર સૌથી વધુ જોવા મળી હતી. હાલમાં તેમની સ્થિતિ અત્યંત નાજુક હોવાનું જાણવા મળ્યું છે. તબીબોને ગંભીર અસર જોતા શંકા ગઈ હતી. પ્રસાદના નમૂનાની તપાસ કરતા લાડુમાં અનાજમાં નાખવામાં આવતી ગોળીઓ મળી આવી હતી. ઘટનાની ગંભીરતાને જોતા ઉત્રાણ પોલીસે તપાસ હાથ ધરી છે. શાલીગ્રામ હાઈટ્સના સીસીટીવી ફૂટેજમાં પાંચ વ્યક્તિઓની હિલચાલ શંકાસ્પદ દેખાઈ હતી. જેની ઓળખ કરી પૂછપરછ કરવામાં આવી રહી છે.

પોલીસના સૂત્રોના જણાવ્યા અનુસાર, તા. ૧૦મીના રોજ બપોરના સમયે જ્યારે ગોરધનભાઈ પોતાના ઘરે આવ્યા ત્યારે તેમણે ઘરના મુખ્ય દરવાજાના હેન્ડલ પર એક થેલી લટકતી જોઈ હતી. આ થેલીમાં બુંદીના લાડુ હતા. સામાન્ય રીતે પરિચિતો કે પડોશીઓ આ રીતે પ્રસાદ વહેંચતા હોય છે તેથી ગોરધનભાઈને કોઈ શંકા ગઈ ન હતી. તેઓ આ પ્રસાદ ઘરે લઈ ગયા હતા. પરિવારના સભ્યો વચ્ચે આ પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો. ગોરધનભાઈ પોતે, તેમના પત્ની અને તેમની પુત્રવધુએ આ લાડુ ખાધા હતા. જોકે, લાડુ ખાધાના થોડા જ સમયમાં ત્રણેય સભ્યોની તબિયત એકાએક લથડી હતી. ડોક્ટરોએ પ્રસાદીના લાડુની તપાસ કરતા તેમાંથી ઝેરની ગોળીઓ મળી આવી હતી. આ પુરાવાએ સ્પષ્ટ કરી દીધું હતું કે આ કોઈ અકસ્માત કે ફૂડ પોઈઝનિંગનો કિસ્સો નથી, પરંતુ જાણી જોઈને કરવામાં આવેલી હત્યાની કોશિશ છે. આ ઘટનાની ગંભીરતાને જોતા ઉત્રાણ પોલીસ તાત્કાલિક શાલીગ્રામ હાઈટ્સના સીસીટીવી ફૂટેજ કબજે કર્યા હતા.